# જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ (રેલવે) કોર્ટ, વડોદરા

==================================================

**ફોજદારી કેસ નં. :- 64/2023**

**આર.પી.એફ. પોસ્ટ આણંદ, ગુ.ર.નં. 1173/2021**

કેસ દાખલ તા. :- 26/08/2022 ;

કેસ રજી. તા. :- 26/08/2022 ; **સમય ગાળો :-**

કેસ ફેસલ તા. :- 05/03/2026 ; *03 વર્ષ, 06 મહિના, 07 દિવસ*

==================================================

આંક -

ફરિયાદી :- શ્રી સરકાર
તપાસ અધિકારી :- શ્રી દિનેશ કુમાર
સબ. ઇન્સ્પેક્ટર, આર.પી.એફ. પોસ્ટ, આણંદ.

*વિરુદ્ધ*

આરોપી :- **(1) ધર્મેશકુમાર જયેન્દ્રભાઇ પટેલ**
**ધંધો:-** ચીફ કમર્શિયલ રિઝર્વેશન ક્લાર્ક
**રહે:** મકાન નં. 1047, નવા દરવાજા, ઉતરસંડા, તા. નડિયાદ, જી. ખેડા

**(2) નૌસાદ મોહમદ અનવર અન્સારી**
**રહે:** મકાન નં. 32, સફી મંજિલ, ઝવેર મંઝિલ, બુધાલાલ ની ચાલ, મારવાડી ની ચાલી, શાહ આલમ, અમદાવાદ
*(આ કામે આરોપી નં. 2 ને આંક 14 થી તા. 19/12/2023 ના રોજ ચુકાદો જાહેર કરી તકસીરવાન ઠરવવામાં આવેલ છે.)*

==================================================

## ગુન્હો :- રેલવે એક્ટ 1989 ની કલમ 143 અન્વયે...

==================================================

**વિદ્વાન વકીલશ્રીઓ :-**

- ફરિયાદપક્ષ તરફે વિ.પી.પી. શ્રી ઓ.પી. કુમાવત
- આરોપી તરફે વિ.વ.શ્રી. એમ. વાય. ફોદા

## :: જ જ મે ન્ટ ::
**તા.: 05/03/2026**

રેલવે અધિનિયમ, 1989 ની કલમ 143 નો મુખ્ય હેતુ રેલવે ટિકિટોની કાળા બજારી જેવી ગેરકાયદેસર પ્રવૃત્તિઓને અટકાવી જાહેર જનતાને મળતી મુસાફરીની સુવિધાનું રક્ષણ કરવાનું છે. રેલવે ટિકિટ જાહેર સુવિધાનો ભાગ હોવાથી, તેનો ગેરલાભ લેવો માત્ર વ્યક્તિગત નફાનો મુદ્દો ન રહી, પરંતુ જાહેર હિત વિરુદ્ધનો ગુનો બને છે. આવા જાહેર સ્વરૂપના ગુનાઓમાં અદાલત પાસેથી વધુ ચેતનતા અને સતર્ક દૃષ્ટિકોણ અપનાવવાનો અભિગમ અપેક્ષિત હોય છે, જેથી કાયદાનો ઉદ્દેશ નિષ્ફળ ન જાય. કલમ 143 હેઠળ ગુનો સાબિત થયો છે કે નહીં તે તપાસતી વખતે અદાલતને આરોપીના કૃત્યનું સ્વરૂપ, તેની પાછળનો નફાનો હેતુ તથા તેની પ્રવૃત્તિની સતતતા જેવા પરિબળોને વિશેષ મહત્ત્વ આપવાનું રહે છે. જ્યારે ગુનો જાહેર હિતને અસર પહોંચાડતો હોય ત્યારે અદાલતને માત્ર આરોપીના વ્યક્તિગત વર્તન પર નહિ, પરંતુ તેના કૃત્યથી સમાજ ઉપર પડતી અસરને પણ ધ્યાનમાં રાખી કાયદાનો અર્થઘટન કરવો જોઈએ, જેથી ન્યાય સાથે સાથે પ્રતિબંધક અસર (deterrent effect) પણ સુનિશ્ચિત થાય. ઉપરોક્ત કાયદાકીય અભિગમ અનેદૃષ્ટિકોણ સાથે, આ અદાલત હવે પોતાના સમક્ષ રહેલા હાલના ફોજદારી કેસમાં નિર્ણય જાહેર કરવા માટે આગળ વધે છે. સ્પષ્ટતા તથા સંક્ષિપ્તતા જળવાઈ રહે અને દરેક મુદ્દાની યોગ્ય રીતે ચર્ચા થઈ શકે તે હેતુથી, હાલનો ચુકાદો નીચે જણાવેલ ભાગોમાં વિભાજિત કરવામાં આવે છે.

I. કેસની હકીકત અને કાયદાકીય કાર્યવાહી :.............................................. 3

II. કેસના કામે રજૂ પુરાવા અને પુરાવાને સંલગ્ન પક્ષકારોની રજૂઆત :.................. 8

(A) મૌખિક પુરાવો.............................................................. 8

(B) દસ્તાવેજી પુરાવો........................................................................9

III. ન્યાયિક નિર્ણય માટેના મુદ્દા :.........................................................10

IV. નિર્ણય માટેના કારણો અને રજૂ પુરાવાનું મૂલ્યાંકન :................................ 11

શું આરોપીઓ દ્વારા "વ્યવસાય" (Business) તરીકે પ્રવૃત્તિ કરવામાં આવી?.. 39

શું આરોપીઓ દ્વારા રેલ્વે ટિકિટ "મેળવવામાં" (Procuring) અને "પુરું પાડવામાં" (Supplying) આવી?................................................40

શું આ પ્રવૃત્તિ "કાયદેસર અધિકાર વિના" (Without lawful authority) કરવામાં આવી?.......................................................................40

શું ટિકિટો "વેચાણ અથવા હસ્તાંતરણ માટે" (For the purpose of sale or transfer) લેવામાં આવી?................................................... 41

શું જરૂરી દોષભાવ (Mens Rea) સાબિત થાય છે?.............................42

ફરિયાદ હકીકત ને દસ્તાવેજી પુરાવાથી મળતું સમર્થન :-...........................43

V. આખરી હુકમ :.....................................................................50

## I. કેસની હકીકત અને કાયદાકીય કાર્યવાહી :

1. આ કામના ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત છે કે, સદર કામે ઇન્કવાયરી ઓફિસર નાઓ દ્વારા સદર ફોજદારી ફરિયાદ હકીકત જાહેર કરી આ કામના આરોપીઓ ની વિરૂદ્ધ આરોપ લગાવેલ છે કે, આ કામના આરોપી નં. 1 કે જેઓ રેલવે કર્મચારી છે તેઓની નોકરી તારીખ 29/10/2021 ના રોજ ડાકોર રેલવે સ્ટેશન ઉપર હતી અને તેઓ પોતાની ફરજના સમયે જ્યારે ડાકોર રેલવે સ્ટેશન ઉપર વિન્ડો ઉપર કાર્યરત હતા તે વખતે કોઈ યાત્રી ટિકિટ માટે ઊભા ન હોય તેનો ફાયદો લઈ અને પોતાના કાર્યાલય ની અંદર જાતે જ એક ફોર્મ ભરીને 02 નંગ જે.સી.આર.ટી. ટિકિટ કાઢેલ જે બાબતે તેઓ રંગે હાથ પકડાઈ જતા તેના

દ્વારા ટિકિટો બાબત ખુલાસો કરેલ હતો જેમાં તેઓએ જણાવેલ કે આ કામના આરોપી નંબર 2 માટે એકબીજાના સહકારથી જે.સી.આર.ટી. ટિકિટોનું કાળા બજારી છેલ્લા બે વર્ષોથી કરીએ છીએ અને આજરોજ બે ટિકિટો એજન્ટ મોહમ્મદ નૌસાદ ના કહેવાથી કાઢેલ છે જે જીસીઆરટી ટિકિટોમાં મુસાફરી કરવાની બાકી છે જે ટિકિટ નૌસાદના જરૂરિયાતમંદ ગ્રાહકો માટે કાઢેલ છે અને પેસેન્જર પેટે રૂ.200 થી રૂ.300 વધુ કમિશન તરીકે લઈને તે કમિશન આરોપી નં. 1 ને રૂ.200 થી રૂ.300 ટિકિટની રકમ થી ઉપરાંત આપે છે. જેથી આ કામના આરોપીઓ ની વિરૂદ્ધ રેલવે એક્ટ 1989 ની કલમ 143 હેઠળ તા. 29/10/2021 ના રોજ, આર.પી.એફ. પોસ્ટ ગુ.ર. નં. 1173/2021 ગુનો નોંધવામાં આવેલ હતો. સદર ગુનાની તપાસ દરમ્યાન આરોપી નંબર 1 અને આરોપી નંબર 2 નાઓ દ્વારા એકબીજાના સહકારથી રેલવેમાં મુસાફરી કરવાની આરક્ષણ ટિકિટોની ગેરકાયદેસર રીતે વેપાર કરતા હોવાનું કબુલ મંજૂર કરતા તેઓની વિરૂદ્ધ કાર્યવાહી કરવામાં આવેલ તેમજ સાક્ષી તેમજ પેસેન્જર નો જવાબ લેતા આ કામના આરોપીઓએ ટિકિટોની કાળાબજાર કરી હોવાનું તેઓની તપાસ દરમિયાન પુરવાર થયેલ હતું. જેથી, આરોપીઓએ સ્પષ્ટ રૂપે રેલવે એક્ટ 1989 ની કલમ 143 મુજબનું ગૃહનાહીત કૃત્ય કરેલ છે. જે મુજબની ફરિયાદ સદર ઇન્કવાયરી ઓફિસર સબ.ઇન્સ્પેક્ટર, આર.પી.એફ. પોસ્ટ આણંદ નાઓ દ્વારા કોર્ટ રૂબરૂ દાખલ કરવામાં આવેલી છે.

2. હાલના કામની ફરિયાદ દાખલ થતા, સદરહુ કામના ફરિયાદી પબ્લિક ઓફિસર હોવાને કારણે ફરિયાદની ઇન્કવાયરી કર્યા વગર ફોજદારી કાર્યરીતિ સંહિતા 1973 ની કલમ 200(a) મુજબ હાલની ફરિયાદને ફોજદારી કેસ રજીસ્ટરએ

નોંધણી કરવામાં આવેલ છે અને તે અનુસંધાને હાલના આરોપીઓ ની વિરુદ્ધ રેલવે એક્ટ 1989 ની કલમ 143 મુજબના ગુનાના સમન્સ કાઢતા આરોપીઓ તેઓના વિદ્વાન વકીલશ્રી એમ.વાય.ફોદા નાઓની સાથે હાજર થતા તેઓને ફરિયાદની નકલ આપવામાં આવેલ હતી.

3. વધુમાં સદર ગુના ની ફરિયાદ પ્રાઇવેટ ફરિયાદ હોય તેમજ સદર ગુનાનો કેસ વોરંટ ટ્રાયબલ કેસ ની પદ્ધતિ મુજબ ચાલવા પાત્ર હોય આરોપી નાઓની વિરુદ્ધ તોહમતનામુ ફરમાવતા પહેલા આંક- 17 થી ઇન્કવાયરી ઓફિસર રામગોપાલ શ્રીરામ વર્મા નાઓની જુબાની લેવામાં આવેલ છે કે જેમાં તેઓએ તેમના દ્વારા કરેલ ફરિયાદ હકીકત અને પોતાની ફરજના ભાગરૂપે કરેલ કાર્યવાહીને મહદઅંશે સમર્થન આપતી જુબાની આપેલી છે અને ત્યારબાદ નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે.

**દસ્તાવેજી પુરાવાઓ :-**

| **અ. નં.** | **દસ્તાવેજોનું વર્ણન** | **આંક** |
|---|---|---|
| 1. | જપ્તી પંચનામુ | 18 |
| 2. | રેલવે ની બે ટિકિટ | 19, 20 |
| 3. | બે નંગ અસલ પેસેન્જર રિઝર્વેશન ફોર્મ | 21,22 |
| 4. | ખાનગી કેશ રજીસ્ટર | 23 |
| 5. | નકશા મોકા | 24 |
| 6. | અસલ મેમો | 25 |

| | | |
|---|---|---|
| 7. | કાર્બન કોપી મેમો | 26 |
| 8. | આરોપીનો જવાબ | 27 |
| 9. | આરોપીનું અટક પંચનામુ | 28 |
| 10. | ટિકિટ બ્લોક કરવા માટે કરેલ યાદી | 29 |
| 11. | જપ્તી પંચનામુ | 30 |
| 12. | નકશો | 31 |
| 13. | આરોપી નં. 2 નો જવાબ | 32 |
| 14. | ઓળખ પંચનામુ | 33 |
| 15. | સી. ડી.આર. પ્રાપ્ત કરવા માટે કરેલ પત્ર | 34 |
| 16. | ચાર રિઝર્વેશન ફોર્મ | 35, 36, 37, 38 |
| 17. | બે ખુલ્લા ખાલી કવર | 39, 40 |

સદર ઇન્કવાયરી ઓફિસર ની તપાસ દરમ્યાન તેઓની બદલી અન્ય જગ્યા એ થતા, સદર બનાવ ની તપાસ અન્ય તપાસ અધિકારી દિનેશકુમાર યોગેન્દ્રસિંહ નાઓને સોંપવામાં આવેલ હતી. તેઓને પણ ફરિયાદપક્ષ તરફે સોગંદ ઉપર તપાસ્વામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં પોતાની ફરજના ભાગરૂપે કરેલ કાર્યવાહીને મહદઅંશે સમર્થન આપતી જુબાની આપેલી છે અને ત્યારબાદ નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે.

**દસ્તાવેજી પુરાવાઓ :-**

| **અ. નં.** | **દસ્તાવેજોનું વર્ણન** | **આંક** |
|---|---|---|

| | | |
|---|---|---|
| 1. | આરોપીની હેન્ડરાઇટીંગ બાબતે કરેલ પંચનામુ | 47 |
| 2. | એફ.એસ.એલ ના અભિપ્રાય માટે કરેલ પત્ર ની નકલ | 48 |
| 3. | એફ.એસ.એલ. અધિકારી નો રિપોર્ટ | 49 |

સદર ઇન્કવાયરી ઓફિસર નાઓની ની ચાર્જ પહેલાની તપાસ બાદ આરોપીના વિદ્વાન વકીલશ્રીએ સદર ફરિયાદી / ઇન્કવાયરી ઓફિસરની ઉલટ તપાસ કરેલી હતી અને ત્યારબાદ સદર બનાવના કામે આરોપી ની વિરૂદ્ધ ચાર્જ ફરમાવવા લાયક પુરાવો જણાઈ આવતા આરોપી વિરુદ્ધ તોહમતનામુ ઘડવાનું હોય પરંતુ હાલના કામનું રેકોર્ડ જોઈ તપાસતા તેમાંથી આરોપી નં. 1 ની વિરુદ્ધ ઘડવામાં આવેલ તોહમતનામુ મળી ન આવતા અને તે તોહમતનામાં અન્વયે આરોપી નં. 1 નાઓની વિરૂદ્ધ પ્લી મળી ના આવતા, હાલના તબ્બકે આજરોજ તા. 26/02/2026 ના રોજ આરોપી ની વિરૂદ્ધ આંક 59 થી તોહમતનામુ ઘડવામાં આવેલ છે અને તે અન્વયે આંક 60 થી આરોપી ની પ્લી નોંધવામાં આવેલ છે. વધુમાં, સદર કામે આરોપી નં. 1 વિરૂદ્ધ તોહમતનામુ ઘડવું તે શરતચૂક થી રહી ગયેલ હોય અને આરોપી નં. 1 ની પ્લી નોંધવામાં આવેલ ન હોય, તેઓ તરફે આંક 61 થી પૂરસીસ રજૂ કરવામાં આવેલ છે કે તેઓને સદર કામે અગાઉ નોંધાયેલ પુરાવા ની જાણ છે અને તે પુરાવો તેમની હાજરીમાં નોંધવામાં આવેલ છે અને તેઓ ફરીથી તે જ પુરાવો નોંધવા માંગતા નથી. વધુમાં, સદર કામે આરોપી નં. 2 નાઓ દ્વારા તા. 19/12/2023 ના રોજ આંક 10 થી કબૂલાત પૂરસિસ રજૂ કરી અને તેઓને ગુનો કબૂલ છે તે અંગે જાણ કરેલ છે, જેના અનુસંધાને આંક 11 થી તેઓની વિરુદ્ધ તોહમતનામુ ઘડવામાં આવેલ છે અને તે તોહમતનામા અન્વયે તેઓની આંક 12 થી પ્લી નોંધવામાં આવેલ છે જેમાં તેઓએ તેઓને ગુનો કબૂલ છે તેવું

જણાવેલ છે. વધુમાં, સદર કામે આંક 13 થી તેઓ દ્વારા નો-ક્લેમ પૂરસિસ પણ રજૂ કરવામાં આવેલ છે. જે તમામ હકીકત ને ધ્યાને લેતા તા. 19/12/2023 ના રોજ આંક 14 થી મારા પૂર્વોગામી ન્યાયધિશ નાઓ દ્વારા આંક 14 થી આ કામના આરોપી નં. 2 નાઓને તકસીરવાન ઠરાવી અને આરોપી નં. 2 નાઓને કોર્ટ ઉઠતા સુધીની સજા તેમજ રૂ. 10,000/- નો દંડ કરવામાં આવેલ હતો. જેથી સદર કામે આરોપી નં. 1 નાઓ ને તેઓની વિરુદ્ધ ઘડવામાં આવેલ તોહમતનામા ની હકીકત કબૂલ મંજૂર ન હોય, તે તોહમતનો તેઓ દ્વારા ઇનકાર કરવામાં આવેલ હોય, સદર ફોજદારી કેસ ની ન્યાયિક પ્રક્રિયા આગળ ચલાવવામાં આવેલ હતી. ત્યારબાદ, સદર ગુનાના કામે ફરિયાદપક્ષ તરફે અન્ય સાક્ષીઓને સોગંદ ઉપર કોર્ટ રૂબરૂ તપાસવામાં આવેલ છે જેઓની હકીકત નીચે મુજબ છે.

## II. કેસના કામે રજૂ પુરાવા અને પુરાવાને સંલગ્ન પક્ષકારોની રજૂઆત :

4. આ કામે ફરિયાદપક્ષ દ્વારા તેમના કેસ ના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવેલ છે :-

### (A) મૌખિક પુરાવો

| ક્રમ | સાક્ષીનું નામ | સાક્ષીનું પ્રકાર | આંક |
|---|---|---|---|
| 1. | મહેન્દ્રસિંહ એસ. સોલંકી | બનાવ સ્થળે હાજર સાક્ષી | 56 |
| 2. | કૌશિકભાઇ રામજીભાઇ પરમાર | સતાવાર સાક્ષી | 52 |

| | | | |
|---|---|---|---|
| 3. | યોગેશકુમાર પુનાભાઇ પરમાર | પંચ સાક્ષી | 50 |
| 4. | અશોકકુમાર સિંહા | સતાવાર સાક્ષી | 53 |

## (B) દસ્તાવેજી પુરાવો

| ક્રમ | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| 1. | સાહેદ મહેન્દ્રસિંહ એસ. સોલંકી નાઓનો નિવેદન | 57 |
| 2. | સાહેદ યોગેશકુમાર પુનાભાઇ પરમાર નાઓનો નિવેદન | 51 |
| 3. | આરોપી નં. 1 ની હાજરીનું મસ્ટર પર્ટિક્યુલર | 54 |
| 4. | સાહેદ અશોકકુમાર સિંહા નાઓનો જવાબ | 55 |

5. ફરિયાદપક્ષ દ્વારા ઉપરોક્ત પુરાવા રજૂ કર્યા બાદ ફરિયાદપક્ષના વિદ્વાન પી.પી. શ્રી નાઓ દ્વારા આંક 58 થી પુરાવો પૂરો થયા અંગે ની ક્લોઝિંગ પુરસિસ રજૂ કરવામાં આવેલ હતી. ત્યારબાદ, ફોજદારી કાર્યરીતિ સંહિતા 1973 ની કલમ 313 મુજબનું આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલું કે જે વિશેષ નિવેદનમાં આરોપી નાઓ દ્વારા ફરિયાદીપક્ષના કેસ ને નકારવામાં આવેલ છે અને તેઓ દ્વારા વિશેષમાં જણાવવામાં આવેલ છે કે તેઓએ કોઈ ગુનો કરેલ નથી અને તેઓ નિર્દોષ છે. વધુમાં તેઓની રજૂઆત છે કે તેઓની વિરૂદ્ધ ખોટો ગુનો નોંધી અને ખોટી ફરિયાદ કરવામાં આવેલ છે. સદર વિશેષ નિવેદનમાં, આરોપીપક્ષ તરફે કોઈ પુરાવો રજૂ કરવું નથી તેવું જણાવામાં આવેલ. જેથી, ફોજદારી કાર્યરીતિ સહિતા 1973 ની કલમ 314 મુજબ ફરિયાદપક્ષે વિદ્વાન પબ્લિક પ્રોસિક્યુટરશ્રી

ની ભારપૂર્વકની દલીલો તથા આરોપીપક્ષ તરફે વિદ્વાન વકીલ શ્રી એમ.વાય. ફોદા નાઓ ની ભારપૂર્વકની દલીલો આ કોર્ટ દ્વારા સાંભળવામાં આવેલી.

## III. ન્યાયિક નિર્ણય માટેના મુદ્દા :

6. ઉપરોક્ત વિગતે હાલની ફરિયાદના ન્યાયિક નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે :-

**મુદ્દા નં. 1:** શું ફરિયાદપક્ષ વ્યાજબી શંકાથી પર એવું પુરવાર કરે છે કે, ગઇ તારીખ 09.09.2023 ના રોજ સમય 17.35 વાગ્યે ઇલેક્ટ્રિક લોકો શેડના મેઇન ગેટ પર લોકો શેડની અંદરથી નોકરી કરી બહાર જનાર કર્મચારીઓની ચેકિંગ દરમ્યાન આ કામના આરોપી નાઓ દ્વારા 02 નંગ 02-02 ફૂટના અરથીંગ કોપર કેબલ વાયર જેની કિંમત 850/- રૂપિયા જે રેલવે સંપતિ હોય તે કપડાંની થેલીમાં સંતાડી અને કોઈ પણ જાતના બિલ, રસીદ,પાવતી કે અધિકાર પત્ર વગર ચોરી કરી લઈ જતાં પકડેલા અને પંચનામાની કાર્યવાહી મુજબ કબ્જે લેવામાં આવેલ હતા. વધુમાં, તપાસ અધિકારી નાઓ દ્વારા ફરિયાદ જાહેર કરેલ છે કે આરોપીનો જવાબ લેતા તેને ચોરી કરેલ રેલવે સંપતિ ઇલેક્ટ્રિક લોકો શેડમાં આવેલ M/4 HR સેક્શન લોકો નંબર 30471 માંથી 02 નંગ જૂના પાના (જેમાં એક 12,13 નંબર નું પાનું અને બીજું 14,17 નંબર નું પાનું) ની મદદથી કાઢેલ હોવાનું અને જે પાનાં ત્યાં ઇલેક્ટ્રિક લોકો શેડમાંથી રનિંગ લાઇન પાસે છુપાવીને રાખેલ હોવાનું જણાવેલ અને પોતાનો સ્વેચ્છાએ કોઈ પણ જાતના બિલ, રસીદ, પાવતી કે અધિકાર પત્ર વગર રેલવે સંપતિ ની ચોરી કરવાનો ગુનો કબૂલ કરેલ હતો. જેથી તેની વિરુદ્ધ આણંદ પોસ્ટ ગુન્હા રજીસ્ટર

નંબર-1173/2021 થી રેલવે સંપતિ (ગેરકાયદેશર કબજો) અધિનિયમ-1966 ની ધારા-03 તારીખ-09.09.2023 ના રોજ ગુનો નોંધવામાં આવેલ હતો અને ત્યારબાદ આરોપીના નિશાનદેહી ઉપર પંચનામાં મુજબ ઉપરોક્ત જણાવેલ પાનાં આરપીએફ એ કબજે લીધેલ હતા અને આરોપીને બંધ પત્ર પર છોડવાના પ્રાવધનોથી અવગત કરાવેલ જ્યાં આરોપી દ્વારા થાણા મુકામે ઉચિત બંધક રજૂ કરતાં અને બંધ પત્ર ભરી આપતા કોર્ટમાં હાજર રહેવાની શરતે તારીખ-10.09.2023 ના રોજ સમય-04.15 કલાકે બંધ પત્ર પર છોડેલ છે એમ ગુનો કરેલ હોય, રેલવે એક્ટ 1989 ની કલમ - 3 મુજબ શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

**મુદ્દા નં. 2:** શું હુકમ?

7. ઉપરોક્ત મુદ્દા પરત્વેના મારા નિર્ણયો નીચે મુજબ છે :-

મુદ્દા નં. 1: હકારમાં.

મુદ્દા નં. 2: આખરી હુકમ મુજબ.

## IV. નિર્ણય માટેના કારણો અને રજૂ પુરાવાનું મૂલ્યાંકન :

8. ફોજદારી કાર્યવાહીના પાંચ મૂળભૂત સિદ્ધાંતો નીચે મુજબ ના છે:

a. The accused is presumed to be innocent till the conclusion of trial;

b. The charge against the accused must be established beyond reasonable shadow of doubt.

c. The benefit of reasonable doubt about the guilt will always go in favour of the accused. The natural corollary is that let ninety nine guilt go unpunished than punishing an innocent;

d. If two views of one fact are possible, the court will accept the view which is favourable to the accused; and

e. “Crime" must be clearly established in a criminal trial.

9. ફરિયાદપક્ષે આરોપી વિરુદ્ધ રેલવે એક્ટ 1989 મુજબનો ગુનો કર્યાનો આક્ષેપ છે. સદર ગુન્હો પુરવાર કરવાનો બોજો પુરાવા અધિનિયમ, 1872 ની કલમ 101 થી 103 મુજબ ફરિયાદપક્ષ ઉપર છે. ફરિયાદપક્ષે તેઓના કેસના સમર્થનમાં રજૂ કરેલ પુરાવાને ધ્યાને લઈ તેની ચર્ચા, હવે પછી, નીચે મુજબ કરવામાં આવે છે. પરંતુ સદર કામે રજૂ પુરાવા ની ચર્ચા કરતા પહેલા, આરોપી સામે આક્ષેપિત કૃત્યનો કાનૂની દૃષ્ટિકોણથી મૂલ્યાંકન કરવું ખૂબ જરૂરી છે.

10. હાલના કામે આરોપી વિરુદ્ધ રેલવે એક્ટ 1989 ની કલમ 143 મુજબના ગુનાનો આક્ષેપ હોય સદરહુ ફોજદારી કલમ ના આવશ્યક તત્વો/ઘટકો વંચાણે લેવામાં આવે તો તે નીચે મુજબના છે :-

**143. Penalty for unauthorised carrying on of business of procuring and supplying of railway tickets:-**

(1) If any person, not being a railway servant or an agent authorised in this behalf,— (a) carries on the business of procuring and supplying tickets for travel on a railway or for reserved accommodation for journey in a train; or (b) purchases or sells or attempts to purchase or sell tickets with a view to carrying on any such business either by himself or by any other person, he shall be punishable with imprisonment for a term which may extend to three years or with fine which may extend to ten thousand rupees, or with both, and shall also forfeit the tickets which he so procures, supplies, purchases, sells or attempts to purchase or sell:

Provided that in the absence of special and adequate reasons to the contrary to be mentioned in the judgment of the court, such punishment shall not be less than imprisonment for a term of one month or a fine of five thousand rupees.

(2) Whoever abets any offence punishable under this section shall, whether or not such offence is committed, be punishable with the same punishment as is provided for the offence.

11. કલમ 143 હેઠળ ગુનો સાબિત કરવા માટે ફરિયાદ પક્ષે નીચેના તત્વો સાબિત કરવાના રહે છે:

11.1. **આરોપી "વ્યવસાય" (business) ચલાવતો હતો -** એટલે કે તે સતત અથવા નિયમિત રીતે ટિકિટ મેળવવાનો અને આપવાનો ધંધો કરતો હતો. એકાદ વખત કરેલ કૃત્ય માત્રથી "વ્યવસાય" સાબિત થતો નથી.

11.2. **આ વ્યવસાયમાં નીચેના કાર્યો આવરી લેવાય છે:** રેલ્વે ટિકિટ મેળવવી (procuring), અથવા રેલ્વે ટિકિટ પુરું પાડવી / વેચવી (supplying), અથવા ટિકિટ મેળવવા કે આપવાની પ્રક્રિયામાં મદદ કરવી

11.3. **આ પ્રવૃત્તિ બિનઅધિકૃત હતી (without lawful authority)** – આરોપીને રેલ્વે વિભાગ અથવા IRCTC તરફથી ટિકિટ વેચવાની કોઈ કાયદેસર મંજૂરી ન હતી.

11.4. **ટિકિટ વેચવા અથવા હસ્તાંતર કરવા હેતુથી પ્રવૃત્તિ કરેલ હોવી જોઈએ** – ફક્ત ટિકિટ પાસે હોવી પૂરતી નથી; તે ટિકિટ વેચવા અથવા બીજાને આપવા માટેનો ઈરાદો સાબિત થવો જરૂરી છે.

11.5. **દોષભાવ (Mens rea / જાણબૂઝીને કરેલ કૃત્ય)** - આરોપીએ જાણીને અને સમજપૂર્વક આ બિનઅધિકૃત ટિકિટ વ્યવસાય કર્યો હોવો જોઈએ.

12. આમ, ઉપરોક્ત દર્શાવેલ કાયદા કલમ ને મધ્યમાં રાખી અને હાલના કામે પુરાવાની ચર્ચા કરવાની રહે છે. ફોજદારી કાયદા મુજબ ફરિયાદપક્ષે આરોપી સામે પોતાનો કેસ નિશંક:પણે પુરવાર કરવાનો રહે છે. જ્યારે આરોપીપક્ષે પોતાનો બચાવ સંભવિતતા ના સિદ્ધાંત ઉપર પુરવાર કરવાનો રહે છે, અને તે માટે આરોપીપક્ષ ફરિયાદપક્ષના સાક્ષીઓનો પુરાવા દરમ્યાન ઊલટતપાસમાં તે હકીકત પુરવાર કરી શકે છે. જ્યારે કોઈ કિસ્સામાં ફરિયાદપક્ષના સાક્ષીઓના પુરાવામાં કોઈ ગૌણ અને વિરોધાભાસ હકીકત હોય તો તેને લઈને ફરિયાદપક્ષના કેસને કોઈ નુકસાન થતું નથી પરંતુ જો સાક્ષીઓના પુરાવો મહત્વની બાબતમાં વિરોધાભાસી અને  અસંગતતા ભર્યો હોય તો તેવા પ્રસંગે તે હકીકત ફરિયાદપક્ષની વિપરીત જાય છે.  ઉપરોક્ત જણાવેલ કાયદાના સિદ્ધાંત ની વિગતવાર ચર્ચા નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્વારા Arjunbhai Ramchandbhai Versus State of Gujarat GLH 2013 (3) (NOC) 3 ના ચુકાદામાં કરવામાં આવેલ છે.

13. વધુમાં કોઈ સાક્ષી હિત ધરાવતા હોય તેવા સાક્ષીના પુરાવાને માત્ર તે કારણ થી જ આગ્રહય રાખી શકાય નહિ પરંતુ આવા સંજોગોમાં અદાલત દ્વારા સાક્ષીઓના પુરાવાનું મૂલ્યાંકન બારીકાઈથી, જીણવટભરી રીતે અને વધુ સજાગપણે કરવાનું રહે છે. જો હિત ધરાવતા સાક્ષીનો પુરાવો વિશ્વાસનીય, ભરોસાપાત્ર અને માનવા લાયક જણાતો હોય તથા ફરિયાદપક્ષની મહત્વની બાબતમાં તેના પુરાવામાં કોઈ

વિરોધાભાસી હકીકત માલુમ પડેલ ન હોય તો તેવા પ્રસંગે તેવા હિત ધરાવતા સાક્ષીના પુરાવાને આધાર પણ બનાવીને તકસીરવાન ઠરાવી શિક્ષા કરી શકાય છે. વધુમાં, જ્યારે રસ ધરાવતા સાક્ષીઓ દ્વારા આપવામાં આવેલ પુરાવાનો મૂલ્યાંકન કરવામાં આવે ત્યારે નામ. સુપ્રીમ કોર્ટે State of Haryana v Shakuntla, 2012 (2) RCR (Cri) 845 (SC) ના ચુકાદામાં કરેલ ટકોર ધ્યાને લેવી ખૂબ જરૂરી છે. નામ. સુપ્રીમ કોર્ટ દ્વારા કહેવાતા ચુકાદામાં ઠરાવેલ છે કે, "Since there is a vested interest and biases on part of the interested witness, the court are required to take due caution to ensure that there is no injustice made while considering the evidence by interested witness." આમ, સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે રસ ધરાવતા સાક્ષી તરફથી સ્વાર્થસંબંધ અને પક્ષપાતની શક્યતા રહેલી હોય છે, તેથી અદાલતને આવું સાક્ષ્ય ધ્યાને લેતાં વખતે કોઈ અન્યાય ન થાય તે માટે પૂરતી સાવચેતી રાખવી આવશ્યક છે.

14. આ કામે આંક 17 થી ફરિયાદપક્ષ તરફે સાક્ષી રામગોપાલ શ્રીરામ વર્મા નાઓને તપાસવામાં આવેલ છે, તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે તા.૨૯-૧૦-૨૦૨૧ નાં રોજ કલાક ૮-૦૦ વાગ્યાથી કલાક ૨૦-૦૦ વાગ્યા સુધી આણંદ સ્ટેશન ઉપર એસ.આઈ.પી. તરીકે તેઓ તેમની ફરજ ઉપર હાજર હતા. તે દરમ્યાન તેમના ઇન્સ્પેક્ટરશ્રી મહીન્દ્રસિંહ સોલંકી સાહેબે તેઓને જણાવેલ કે, બાતમીદાર તરફથી સૂચના મળેલ છે કે, ડાકોર રેલવે સ્ટેશન ઉપર રેલવે ટિકિટોની કાળા-બજારી થાય છે. જેથી તેઓ તથા આઈ.પી.એફ. શ્રી મહેન્દ્રસિંહ નાઓ સરકારી ભાડે કરેલ

વાહનમાં આણંદથી સવારે ૯-૩૦ વાગ્યે ડાકોર જવા માટે નીકળેલા, તેઓ ડાકોર આશરે ૧૦-૩૦ થી ૧૧-૦૦ ની આસપાસ પહોંચેલા. ત્યાં ડાકોર રેલવે સ્ટેશન ટિકિટ વિન્ડો સામે પહોંચેલ અને ત્યાં વોચમાં ઉભા રહેલા. તે વખતે ત્યાં વિન્ડો ઉપર કોઈ પેસેન્જર ઉભા ન હતા. સવારે ૧૧-૦૦ વાગ્યે સ્લીપરનો તત્કાલ બુકીંગનો સમય હોય છે. તે સમયે તેઓએ જોયેલ તો આ કામના આરોપી નં.૧ ધર્મેશ જયેન્દ્રભાઈ કે જેઓ ચીફ બુકીગ કલાર્ક તરીકે ફરજ બજાવતા હતા તેઓ ટિક્ટિની એન્ટ્રી કોમ્પ્યુટરમાં કરતા હતા અને તેઓએ ટિકિટ કાઢેલી. જેથી તે તથા આઈ.પી. એફ. શ્રી મહેન્દ્રસિંહ નાઓ તાત્કાલીક આરોપી નં.૧ ની બુકીંગ ઓફીસમાં પહોંચી ગયેલા. ત્યારબાદ આરોપી નં.૧ ને ટિકિટ કાઢી તે અંગે પૂછ-પરછ કરતાં આરોપી નં.૧ ધર્મેશ નાએ જણાવેલ કે, પેરસેન્જર આવવાના છે તેની ટિકિટ છે તેવું જણાવેલ. ત્યારબાદ થોડીવાર સુધી પેસેન્જરની રાહ જોયેલી પરંતુ આવેલ નહિ. અમે ચેક કરેલ તો બે ટિકિટો કાઢેલી હતી. જે 2 ટિકિટ કોની કાઢેલી છે તે અંગે પુછતા આરોપી નં.૧ નાએ વ્યવસ્થિત જવાબ આપેલ નહિ. જેથી તેઓની વધુ તપાસ કરતાં જણાવેલ કે આ ટિકિટો મોહમ્મદ નૌશાદ કે જેઓ આ કામે આરોપી નં.ર છે તેમની છે. ત્યારબાદ આરોપી નં.૧ નાઓએ વધુમાં જણાવેલ કે, આ ટિકિટો ના ફોર્મ તેઓ આરોપી નં.ર નૌશાદના કહેવા મુજબ એક દિવસ પહેલા ભરી રાખે છે અને ત્યારબાદ ટિકિટ કાઢે છે. ત્યારબાદ, સદર કેસ ની આગળ ની તપાસ તેમના ઇન્સ્પે. દ્વારા તેઓને સોંપતા તેઓએ તેમના આર.પી.એફ. પોસ્ટ ના બે કોન્સ્ટબલ નાઓને ડાકોર ખાતે બોલાવેલ હતા અને આરોપી નું નામ - ઠામ પૂછતા તેને પોતાનું નામ ધર્મેશ સન ઓફ જયેન્દ્રભાઈ રહે. ઉત્તરસંડા હોવાનું જણાવેલ. ત્યારબાદ કોન્સ્ટે. શ્રી સલીમ બે પંચોના માણસોને

બોલાવી લાવેલા. ત્યારબાદ પંચોની તેઓએ આર.પી.એફ. ના કર્મચારી અને અધિકારીઓ સાથે અરસ-પરસ ઓળખાણ કરાવેલી અને તેઓએ પંચોને જણાવેલ કે, આ ધર્મેશભાઈ છે અને તેમની પાસેથી રેલવેની બે ટિકિટો જપ્ત કરવામાં આવેલી છે અને તેનું પંચનામું કરવાનું છે, જે અંગેનું વિગતવારનું પંચનામું કરવામાં આવેલું. પંચનામા દરમ્યાન આરોપી નં. ૧ પાસેથી બે રેલવે ટિકિટો તથા એક રેડમી નોટ મોબાઈલ કિંમત રૂ.૮,૦૦૦/-, એક પેસેન્જરની વિગત ભરેલું રીઝરવેશન ફોર્મ તથા એક ખાનગી કેશ રજીસ્ટર પંચોની હાજરીમાં કબજે લેવામાં આવેલ. તેઓ દ્વારા તેમની જુબાની દરમ્યાન આંક 18 થી રજૂ જપ્તી પંચનામુ ઓળખી બતાવવામાં આવે છે. તેઓ દ્વારા આંક 19 અને આંક 20 થી રજૂ બે રેલવે ની ટીકીટો પણ ઓળખી બતાવવામાં આવે છે. તેઓ દ્વારા બે નંગ અસલ પેસેન્જર રિઝર્વેશન ફોર્મ પણ ઓળખી બતાવવામાં આવેલ છે. પંચનામાની વિગતે જે વસ્તુઓ કંબજે કરેલી તે પૈકી આંક 23 થી રજૂ એક ખાનગી કેશ રજીસ્ટર પણ તેઓ દ્વારા ઓળખી બતાવવામાં આવેલ છે. આ રજીસ્ટરમાં જે તે સંબંધીત બુકીગ રેલવે કર્મચારી ધ્વારા જેટલી કેશ (રોકડ રકમ) પોતાની પાસે ઓફીસે દાખલ થાય ત્યારે જે રકમ હોય તે રોકડ રકમની એન્ટ્રી આ રજીસ્ટરમાં કરવામાં આવતી હોય છે. જે રજીસ્ટર જોતાં તેમાં તા.૨૮-૧૦-૨૦૨૧ નાં રોજ ની એન્ટ્રી હતી અને તા. ૨૯-૧૦-૨૦૨૧ નાં રોજ આરોપી નં. ૧ ધર્મેશ નાઓએ ચાર્જ લીધેલ ત્યારે તેમણે ખાનગી કેશ રજીસ્ટરમાં આ અંગેની કોઈ નોંધ કરેલી નહિ. જેથી તેઓએ આ રજીસ્ટર જપ્ત કરેલ હતો. ત્યારબાદ, આંક 24 થી રજૂ ઘટના સ્થળ નો નકશો તેઓ ઓળખી બતાવેલ છે. આરોપી નં.૧ ની વધુ પૂછપરછ કરતાં તેણે જણાવેલ કે, તેઓ આરોપી નં.૨ નૈશાદ નાઓ પાસેથી આ ટિકિટ બુક કરવા પેટે એક

ટિકિટ દિઠ ટિકિટની કિંમત ઉપરાંત આશરે રૂા.૨૦૦/- થી રૂા.૩૦૦/- લે છે. ત્યારબાદ તેઓએ સ્ટેશન સુપ્રિ. શ્રી ડાકોરને આંક 25 વાળો મેમો આપેલો જે મેમો તેઓ ઓળખી બતાવેલ છે. ત્યારબાદ સ્ટેશન સુપ્રિ., ડાકોરને આરોપી નં. ૧ પાસેથી ખાનગી કેશ રજીસ્ટર જપ્ત કરવામાં આવેલ તે બાબતની જાણ કરેલ તે બદલ આંક 26 વાળો મેમો આપવામાં આવેલ જે તેઓ ઓળખી બતાવેલ છે. ત્યારબાદ આરોપી અને મુદ્દામાલને લઈને રોડ ધ્વારા આર.પી.એફ. પોષ્ટ આણંદ આવેલા. ત્યારબાદ આરોપી નં.૧ નો આંક 27 વાળો જવાબ લીધેલો. જેમાં તેણે પોતાનો ગુનો કબૂલ કરેલો. જે આંક 27 વાળો ઓજવાબ તેઓ ઓળખી બતાવેલ છે. આ જવાબમાં આરોપીએ જણાવેલ કે, “તા. ૨૮-૧૦-૨૦૨૧ નાં રોજ આરોપી મોહમ્મદ નૌશાદ સાથે કે જે ટિકિટની કાળા બજારી કરે છે અને નડીયાદનો રહેવાશી છે તે ફોન ઉપર મને આ જપ્ત કરેલ ટિકિટોની વિગતો લખાવેલી અને તે આધારે એક ટિકિટ આણંદથી અલીપુરદ્વાર સુધીની છે અને બીજી ટિકિટ આણંદની કાનપુરની છે.” આરોપી નં.૧ એ વધુમાં જણાવેલ કે તે આરોપી નં.૨ નૌશાદને સારી રીતે ઓળખે છે. આરોપી નં.૧ ની વિરુધ્ધ રેલવે એકટની કલમ-૧૪૩ મુજબનો ગુનો બનતો હોઈ આણંદ આર.પી.એફ. પોષ્ટ ઉપર ગુનો નોધેલ અને આરોપીનું આંક 28 વાળું અટક પંચનામું કરીને અટક કરેલ જે તેઓ દ્વારા ઓળખી બતાવેલ છે. ત્યારબાદ તેઓ વધુમાં જણાવેલ છે કે તેમની વધુ તપાસમાં જપ્ત કરેલ ટિકિટોનું ચીફ રીઝર્વેશન સુપરવાઈઝર આણંદને એક પત્ર આપીને જપ્ત કરેલ ટિકિટોને બ્લોક કરવા માટે આંક 29 વાળી યાદી આપેલી. જે યાદી તેઓ ઓળખી બતાવેલ છે. આરોપી નં.૧ ના જવાબમાં જણાવ્યા મુજબ આ કામમાં તેઓએ આરોપી નં.૨ મોહમ્મદ નૌશાદ અનવર અન્સારી ની અટક

માટે એક ટીમ બનાવેલ જે ટીમમાં તેઓ તથા હેડ કો. ભાવેશ રાણા તથા કોન્સ્ટે. શ્રી સલીમભાઈ હતા. ત્યારબાદ તા.૧-૧૧-૨૦૨૧ નાં રોજ નડીયાદ મૂકામે હિન્દ ઓટો ગેરેજ ગયેલ અને ત્યાં આરોપી નં.૨ મોહમ્મદ નૌશાદ અન્સારી મળી આવેલ અને તેઓની પૂછપરછ કરતાં તેમણે જણાવેલ કે ઓટો ગેરેજની સાથે રેલવે ટિકિટની કાળા બજારીનું કામ પણ તેઓ કરે છે અને તેમની વધુ પૂછપરછ કરતાં આરોપી નં.૨ નાએ જણાવેલ કે, તેઓ ડાકોર મૂકામે રેલવે સ્ટેશન ઉપર ચીફ બુકીંગ કલાર્ક ઓફીસમાં ફરજ બજાવતા શ્રી ધર્મેશભાઈ સન ઓફ જયેન્દ્રભાઈ પાસેથી ટિકિટ બુકીંગ કરાવવાનું કામ આપે છે અને વધુમાં તેમણે જણાવેલ કે તા. ૨૮-૧૦-૨૦૨૧ નાં રોજ મોબાઈલથી સૂચના આપેલી અને પેસેન્જરી વિગત લખાવેલી અને આ બાબતના પૈસા આરોપી નં.૧ ધર્મેશને ડાકોરમાં જઈને આપેલા હતા. ત્યાં તપાસ કરતાં આરોપી નં.૨ પાસેથી એક ભરેલું પેસેન્જર રીકવીઝેશન ફોર્મ તથા એક રેડમી કંપનીનો મોબાઈલ ફોન અને રોકડ રૂા. ૨૦૦/- તથા ત્રણ કોરા રીકવીઝેશન ફોર્મ કબજે લીધેલા જે અંગેનું વિગતવારનું આંક 30 વાળું જપ્તી પંચનામું કરીને આરોપી નં.૨ પાસેથી જપ્ત કરેલ. તેઓ દ્વારા વધુમાં આંક 31 થી રજૂ નકશા મોકા પણ બતાવવામાં આવે છે. ત્યારબાદ, તેઓ આરોપી અને મુદ્દામાલ ને લઇ અને આર.પી.એફ. પોસ્ટ ઉપર આવેલ અને ત્યાં આવી આરોપી નં. 2 નો આંક 32 વાળો જવાબ તૈયાર કરેલ હતો, જે તેઓ ઓળખી બતાવે છે, જેમાં આરોપી નં. 2 દ્વારા પોતાનો ગુનો કબૂલ કરવામાં આવેલ હતો. વધુમાં આરોપી દ્વારા જણાવેલ હતો કે તેઓ એક પેસેન્જર પેટે ટિકિટની કિંમત ઉપરાંત રૂ. 200 થી રૂ. 300 સુધીનું કમિશન લે છે અને વધુમાં તેઓ તથા આરોપી નં. 1 આ પ્રકાર નું કામ છેલ્લા બે વર્ષ થી કરી રહ્યા છે. જેથી અગાઉ થી નોંધવામાં

આવેલ ગુના ના કામે સદર આરોપી નં. 2 ને જોડવામાં આવેલ હતા. ત્યારબાદ આર.પી.એફ. પોષ્ટ આણંદ ઉપર આ કામના આરોપી નં. ૧ ધર્મેશને બોલાવેલ અને આરોપી ની અંદરો-અંદર ઓળખાણ કરાવેલી અને બંનેએ એકબીજાને ઓળખેલા. તે બાબતનું વિગતવારનું આંક 33 વાળું પંચનામું કરવામાં આવેલ હતો, જે તેઓ દ્વારા ઓળખી બતાવવામાં આવેલ છે. ત્યારબાદ આરોપી નં.૧,૨ ની સી.ડી.આર. પ્રાપ્ત કરવા માટે પોલીસ અધિક્ષક, રેલવે પોલીસ, વડોદરા ને આંક 34 વાળો પત્ર લખવામાં આવેલ. જે પત્ર તેઓ ઓળખી બતાવેલ છે. ત્યારબાદ, તેઓ દ્વારા આંક 35 થી 38 માં રજુ રિઝર્વેશન ફોર્મ ઓળખી બતાવેલ છે અને આંક 39 અને 40 થી રજૂ ખુલ્લા ખાલી કવર ઓળખી બતાવેલ છે. ત્યારબાદ, તેઓ જણાવેલ છે કે તેમની બદલી થતાં આગળ ની વધુ તપાસ તેમના ઇન્સ્પેકટર શ્રી એમ.એમ. ચૌધરી ને સોંપવામાં આવેલ હતી અને તેઓ દ્વારા આગળ ની તપાસ એસ.આઈ.પી.એફ. શ્રી દિનેશકુમાર યાદવ ને સોંપવામાં આવેલ હતી. તેઓ દ્વારા આરોપી ને જોયેથી ઓળખી શકું તેવી હકીકત જણાવેલ છે.

ત્યારબાદ, સદર સાક્ષી ની આરોપીપક્ષ તરફે ઉલટતપાસ લેવામાં આવેલ હતી, જેમાં તેઓ દ્વારા જણાવવામાં આવેલ હતો કે આંક-૧૯, ૨૦ ની ટિકિટો તેઓએ રેલવે આરક્ષણ કાર્યાલયમાંથી મેળવેલ હતી. તેઓ વધુમાં કબૂલે છે કે, આરક્ષણ કાર્યાલય ડાકોર મૂકામે તેઓ ગયા ત્યારે તે, આઈ.પી.એફ. સોલંકી સાહેબ અને પી.આર.એસ. સેન્ટરના કર્મચારી એટલે કે હાલના આરોપી સીવાય બીજું કોઈ ત્યાં ન હતું. તેઓ જણાવેલ છે કે આણંદથી ડાકોર રેલવે સ્ટેશન આશરે ૪૦ થી ૫૦ કિ.મી. દૂર હશે. તેઓ જણાવે છે કે તેઓએ ભાડે રાખેલ

સ્કોર્પીયો ગાડી લઈને ડાકોર ગયેલા, તે વાહનના નંબર તેઓને ખબર નથી. આ ગાડી ડ્રાઈવર ચલાવતા હતા. આ કામે ડ્રાઈવર ખાનગી વ્યકિત હોવાથી, ગાડી સ્ટેશન બહાર ઉભી રાખેલી જેથી ડ્રાઈવરનું આ કામે કોઈ નિવેદન લીધેલ નથી, સાહેદ સ્વૈચ્છાએ જણાવેલ હતું કે, તેઓની બદલી તા. ૨૧-૧૨-૨૦૨૧ નાં રોજ થયેલી ત્યારબાદ ડ્રાઈવરનો કોઈ જવાબ લીધો હોય તો તેઓને ખ્યાલ નથી. આ કામે ડાકોર રેલવે સ્ટેશન ઉપર ટિકિટની કાળા બજારી થાય છે તે બાબતની બાતમી તેમના આઈ.પી. એફ. સાહેબને મળેલી. આ બાતમી અંગેની તેઓએ બાતમી રજી.માં એન્ટ્રી કરેલી નથી, સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે, ખાનગી સૂચના હોવાથી કોઈ એન્ટ્રી કરવામાં આવતી નથી. આ કામના આરોપી ગેર-કાયદેસર રીતે ટિકિટ બુક કરે છે તેવી કોઈ પેસેન્જર કે રેલવે ના અધિકારી ધ્વારા કોઈ લેખીત ફરિયાદ મળેલી હોય તેવું બનેલ નથી. તેઓએ કેસ રજીસ્ટર કરતા પહેલા પાર્સલ મેન્યુઅલનો અભ્યાસ કરેલો. તેઓ કબૂલે છે કે તેઓએ આરક્ષણ કાર્યાલય માં જતા પહેલા એસ.એસ. કે સી.એમ.આઈ. પાસેથી કોઈ પરવાનગી મેળવેલી નહિ. તેઓ કબૂલે છે કે આંક-૧૮ વાળા પંચનામામાં એસ.એસ. કે સી.એમ.આઈ. ની સહી નથી. તેઓ જણાવે છે કે તેમના રાઈટર ડાકોર મૂકામે આશરે ૧૨-૩૦ થી ૧૨-૪૫ વચ્ચે આવેલા. બનાવના દિવસે સવારે ૧૧-૦૦ થી ૧૫-૦૦ વાગ્યા દરમ્યાન બે થી ચાર લોકલ ગાડીઓ આવી હશે. તેઓને સવાલ પૂછવામાં આવેલા કે બનાવના દિવસે સવારે ૧૧-૦૦ થી ૧૫-૦૦ વાગ્યા દરમ્યાન કેટલી જનરલ ટિકિટો આરોપીએ ઈશ્યુ કરેલી? તેના જવાબમાં તેઓ દ્વારા જણાવેલ છે કે તે તેઓ ચોકકસ જણાવી શકે નહિ, પરંતુ આરોપીએ ફરજના દિવસે આશરે ૧૦ જનરલ ટિકિટો ઈશ્યુ કરેલી. તેઓ વધુમાં કબૂલે છે કે,

રેઈડ કર્યા બાદ આરોપીની અવેજીમાં રેલવેના બીજા બુકીંગ કર્મચારી આવેલા. આરોપીના રીલીવર આશરે કેટલા વાગ્યે આવેલ તે સમય તેઓને હાલ ખબર નથી. તેઓ કબૂલે છે કે, આરોપીના રીલીવર તેમની હાજરીમાં આવેલા. તે રીલીવર કર્મચારીનું નામ તેઓને ખબર નથી. તેઓ કબૂલે છે કે, ડાકોર રેલવે સ્ટેશન આરક્ષણ કાર્યાલયમાં જનરલ ટિકિટો ઈશ્યુ કરવાનું અને રીઝર્વેશન ટિકિટો ઈશ્યુ કરવાનું કામ એક બુકીગ કલાર્ક ધ્વારા થાય છે. તેઓ જણાવે છે કે ડાકોર રેલવે સ્ટેશને ૧૧-૦૦ વાગ્યા પહેલા પહોંચેલા. તેઓ વિન્ડોથી ૧૦ પગલાં દૂર વાચમાં રોકાયેલા. તેઓ કબૂલે છે કે, આરક્ષણ કાર્યાલય જમીનથી આશરે ૮ ફૂટ ઉચાઈએ આવેલ છે. તેઓ જણાવે છે કે હું બનાવ સમયે વર્ધીમાં હતો. તેઓ જણાવે છે કે ડાકોર મુકામે શાંતિ ચકલા જે ફોર્મમાં બતાવેલ સરનામા મુજબ તેઓએ ત્યાં તપાસ કરેલી. તેઓ કબૂલે છે કે આ બંને ફોર્મ આંક-૨૧,૨૨ માં જણાવેલ સરનામે તા.૨૯-૧૦-૨૧ નાં રોજ ગયેલ. તેઓ આંક-૨૧, ૨૨ માં જણાવેલ સરનામે આશરે ૧૬-૦૦ વાગ્યા બાદ ગયેલા પણ ચોકકસ સમય યાદ નથી. તેઓ કબૂલે છે કે, આંક-૨૧,૨૨ માં જણાવેલ સરનામે કોઈ પંચનામું કરેલું નહિ. તા. ૨૯-૧૦-૨૧ નાં રોજ આણંદ પોષ્ટ ઉપર કેટલા વાગ્યે પરત આવેલ તેનો ચોકકસ સમય તેઓને હાલ યાદ નથી. તે જ દિવસે તેઓ આરોપી નં.૨ મો.નૌશાદ અંસારી ને ત્યાં ગયેલા નહિ. તેઓ કબૂલે છે કે, બનાવના દિવસે જે રીલીવર આવેલ તેનો જવાબ લીધેલ નહિ. આ કામે તેઓ ડાકોર રેલવે સ્ટેશન ગયા અને ત્યાંથી કાર્યવાહી કરી આણંદ પરત ફર્યા તે દરમ્યાન તેઓએ મોબાઈલ ધ્વારા કે અન્ય રીતે વિડીયો રેકોર્ડીંગ કરેલ નહિ. તા.૨૯-૧૦-૨૦૨૧ નાં રોજ આંક-૨૧,૨૨ ફોર્મમાં જેટલા પેસેન્જર્સ દર્શાવેલા છે તેઓના તેમને આ કામે કોઈ નિવેદન લીધેલ

નથી. તેઓ કબૂલે છે કે, તા. ૨૯-૧૦-૨૧ નાં રોજ જેટલી તત્કાલ ટિકિટો ઇશ્યુ થયેલી તેની કોઈ પ્રિન્ટ કે ચાર્ટ આ કામે મેળવેલ નથી. તેઓ જણાવે છે કે તા. ૨૯-૧૦-૨૧ નાં રોજ આ કામના આરોપી એસ.એસ. ના તાબા માં નોકરી કરતા હતા. તેઓ બનાવ પહેલા એક થી બે વાર ડાકોર રેલવે સ્ટેશન ઉપર ગયેલા છે. આ અગાઉ તેઓ ડાકોર મૂકામે ગયેલ ત્યારે આ કામના આરોપી સામે ટિકિટ બાબતે કે ફરજ દરમ્યાન કોઈ ખામી હોય તે અંગેની કોઈ ફરિયાદ મળેલી નહિ. તેઓ કબૂલે છે કે, તેઓ આ ગુનાના કામે કેસ કર્યો તે અગાઉ ડાકોર મૂકામે ટિકિટની કાળા બજારીનો કોઈ કેસ કરેલ નથી. આ કામના આરોપી વિરુધ્ધ આણંદ આર.પી.એફ. પોષ્ટ ઉપર તેમની ફરજ દરમ્યાન બીજો કોઈ ગુનો રજીસ્ટર થયેલ નથી. આ કામના આરોપી નં.૨ વિરુધ્ધ આ ગુના ઉપરાંત બીજો એક ગુનો આર.પી.એફ. પોષ્ટ નડીયાદ મૂકામે થયેલ છે. તેઓ તા. ૨૯-૧૦-૨૦૨૧ નાં રોજ પંચોને બોલાવવા ગયેલો. પંચો આશરે ૧૨-૦૦ થી ૧૩–૦૦ ની વચ્ચે આવેલા. ત્યારબાદ, તેઓને સવાલ પૂછવામાં આવેલા છે કે બનાવ સમયે આરોપી નં.૧ ના પહેરેલ કપડાના ખીસ્સામાંથી રેલવે ટિકિટો તથા રોકડ રકમ જપ્ત કરેલી? જેના જવાબમાં તેઓ દ્વારા જણાવેલ છે કે બનાવ સમયે આરોપી નં.૧ જે ટેબલ ઉપર કામ કરતા હતા તે ટેબલના ડ્રોવર માંથી નંગ-૨ રીઝર્વેશન ટિકિટ, નંગ-૧૦ જનરલ ટિકિટના રૂા.૧૯૫/- રોકડા રૂપીયા મળેલા, જે બે રિઝર્વેશન વાળી ટિકિટ હતી તેના આશરે રૂા.૩,૭૭૫/- મળેલા જે આરોપીએ એડવાન્સમાં લીધેલા હતા. તેઓ વધુમાં જણાવે છે કે પંચનામું પંચોના આવ્યા પછી તેઓએ લખાવેલું તેમની હાજરીમાં ગુજરાતી રાઈટર ધ્વારા આરોપીનો જવાબ આંક-૨૭ ડાકોર રેલવે સ્ટેશન ઉપર લીધેલ. તેઓ કબૂલે છે કે, આંક-૨૭ ના જવાબ ઉપર પંચોની સહી

લીધેલી નથી. તેઓ કબૂલે છે કે આરોપી નો જવાબ લેવામાં આવેલ ત્યારે પંચો હાજર હતા. તેઓ વધુમાં કબૂલે છે કે જપ્ત કરેલ ટિકિટોના જે પેસેન્જર હતા તેના જવાબ તેઓ દ્વારા લેવામાં આવેલ નથી અને તેઓના નિવેદન તેમના પછીની તપાસ અધિકારી દ્વારા લેવામાં આવેલ હતા. તેઓ કબૂલે છે કે આ કામે તા.૨૯-૧૦-૨૦૨૧ નાં રોજ તેઓ ડાકોર રેલવે સ્ટેશન ઉપર કાર્યવાહી કરી સીધા આર.પી.એક. પોષ્ટ આણંદ મૂકામે આવેલા. તેઓ કબૂલે છે કે તત્કાલ ટિકિટ કઢાવવા માટે પેસેન્જરનું આઇ-ડી પ્રુફ ફરજીયાત હોય છે. તેઓ કબૂલે છે કે, જો કોઈ પેસેન્જરને રીઝર્વેશન ફોર્મ ભરવાની ખબર ના પડે અથવા અભણ હોય તો તે ફોર્મ ભરી આપવા બુકીગ કલાર્ક બંધાયેલા છે. તે સિવાય આરોપીપક્ષ તરફે આપવામાં આવેલ અન્ય સજેશનનો સદર સાક્ષી દ્વારા ઇનકાર કરવામાં આવેલ છે.

15. આ કામે ફરિયાદપક્ષ તરફે ચાર્જ ફરમાવ્યા પહેલા આંક 46 થી સાક્ષી ને તપાવામાં આવેલ છે. તેઓ સદર બનાવ ની તપાસ કરનાર અધિકારી છે. તેઓ તેમની સરતપાસ દરમ્યાન જણાવેલ છે કે તારીખ 25/12/2021 ના રોજ આ કામના તપાસ કરનાર અધિકારી નાઓની બદલી થતા સદર ગુનાના કામે વધુ તપાસ તેઓને સોંપવામાં આવેલ હતી. જેથી તેઓ અમારા પોસ્ટ ઉપર આ સંદર્ભેની રોજનીશી ડાયરીમાં એન્ટ્રી કરેલી. જેથી તેમને તેમની તપાસ દરમિયાન સ્ટેશન માસ્ટર ડાકોર નાઓ નું જવાબ લીધેલો અને ત્યારબાદ આરોપી નં. 1 ધર્મેશભાઈ નાઓનું હેન્ડરાઇટિંગ પંચનામું કબજે લીધેલું અને ત્યારબાદ સદર પંચનામાના પંચ સાહેદોના જવાબ તેમની તપાસ દરમિયાન નોંધેલા. તેઓ વધુમાં જણાવેલ છે કે તેમને તેમની વધુ તપાસ દરમિયાન તારીખ 24/02/2022 ના

રોજ એફ.એસ.એ લેબોરેટરી સુરત ખાતે શ્રી જે. જે. દવે નાઓને પત્ર લખી અને પી.આર.એસ રિક્વિઝિશન ફોર્મ ખાતે આરોપીએ કરેલ હેન્ડરાઇટિંગ તેમજ ઉપરોક્ત જણાવેલ હેન્ડરાઇટિંગ પંચનામાની નકલ સામેલ રાખેલ અને તેઓની એક્સપર્ટ ઓપીનીયન આપવા માટે મોકલી આપેલ. સદર ગુનાના કામે રજૂ આંક 21 વાળું રિક્વિઝિશન ફોર્મ તેઓ દ્વારા જુબાની દરમ્યાન ઓળખી બતાવેલ છે. તેઓ વધુમાં આંક 47 થી રજૂ આરોપી ની હેન્ડરાઇટિંગ ના નમુના બાબતનું પંચનામું ઓળખી બતાવેલ છે. તેઓ દ્વારા આંક 48 થી રજૂ એફએસએલ એક્સપર્ટ ઓપીનીયન માટે કરેલ પત્રની નકલ ઓળખી બતાવેલ છે. જે પત્ર સંદર્ભે એફ.એસ.એલ. સુરત નાઓ દ્વારા જે આંક 49 થી રિપોર્ટ રજૂ કરવામાં આવે તે રિપોર્ટ તેઓ દ્વારા ઓળખી બતાવવમાં આવેલ છે. જે આંક 49 વાળો દસ્તાવેજ જોતા તેમાં શ્રી જે. જે. દવે એફએસએલ સુરત નાઓ દ્વારા એક્સપર્ટ ઓપિનિયન આપી તેમના પોઇન્ટ નં. 30, પેજ નં. 4 માં જણાવવામાં આવેલ છે કે “I have found no significant and fundamental differences between questioned handwriting that is Q and standard Handwriting that is S”. ત્યારબાદ તેઓ જણાવે છે કે તેમની વધુ તપાસ દરમિયાન લાગતા વળગતા સાહેદોના જવાબ લીધેલા અને તપાસ પૂરી કર્યા બાદ આરોપી વિરુદ્ધ પુરાવા મળી આવતા હોય રેલવે એક્ટની કલમ 143 મુજબની ફરિયાદ નામદાર અદાલતમાં રજૂ કરેલ જે આંક 1 વાળી ફરિયાદ તેઓ દ્વારા ઓળખી બતાવવામાં આવે છે. તેઓ વધુમાં જણાવે છે કે આરોપી નં. 1 ધર્મેશકુમાર કોર્ટમાં હાજર હોય જેથી તેઓને ઓળખી બતાવેલ છે.

ત્યારબાદ, સદર સાક્ષી ની આરોપીપક્ષ તરફે ઉલટતપાસ લેવામાં આવેલ હતી જેમાં તેઓ દ્વારા એ વાત કબૂલ કરવામાં આવેલ છે કે તારીખ 25/12/2021 થી પહેલા તેમની અગાઉના તપાસ કરનાર અધિકારી શ્રી રામગોપાલ વર્મા નાઓ દ્વારા કરેલ તપાસમાં તેઓ તેમની સાથે હાજર હતા નહિ. તેઓ કબૂલ છે કે સદર ગુનાના કામે આરોપી નંબર 1 નાઓ નું નિવેદન તેમને નોંધેલ નથી. તેઓ કબૂલે છે કે સદર ગુનાના કામે આરોપી નંબર 1નાઓનું તેમના પૂર્વગામી તપાસ કરનાર અધિકારી દ્વારા નોંધાયેલ નિવેદનને તેઓ દ્વારા આરોપીની હાજરીમાં વેરીફાઇ કરાવેલ નથી. તેઓ કબૂલે છે કે સદર ગુનાના કામે રજૂ પંચનામા તેમજ નકશો તેમને સદર પંચનામા તેમજ એસ.એસ. ને બોલાવી અને મેમો વેરીફાઈ કરાવેલ નથી. તેઓ કબૂલે છે કે કોઈપણ ગુનાના કામે તે ગુનાની જોગવાઈ તથા તેની ડેફીનેશન જાણવી જરૂરી હોય છે. તેઓ કબૂલે છે કે સદર કામે રજૂ આંક 47 વાળું પંચનામું તેમની રૂબરૂ કરવામાં આવેલ નથી. તેઓ કબૂલે છે કે સદર કામે તારીખ 29/10/2021 અને તારીખ 11/1/2022 ની વચ્ચે તેઓ દ્વારા આ કામના અગાઉના તપાસ કરનાર અધિકારી નો કોઈ નિવેદન લીધેલ નથી. તેઓ કબૂલે છે કે સદર ગુનાના કામે મોબાઈલ સંદર્ભે તેઓએ કોઈ સાયબર સેલ ફોરેન્સિક રિપોર્ટ રજૂ રાખેલ નથી. તેઓ કબૂલે છે કે તેમની તપાસ દરમિયાન નોંધવામાં આવે પેસેન્જર સાહેદોના નિવેદન મુજબ તેઓ દ્વારા આરોપી નંબર 1નો ઉલ્લેખ તેમના નિવેદનમાં કરવામાં આવેલ નથી. વધુમાં, તેઓ જણાવેલ છે કે સદર બનાવ અંગેની ફરિયાદ કઈ તારીખે દાખલ કરવામાં આવેલ તે તારીખ હાલ તેઓને ચોક્કસ રીતે યાદ નથી. તેઓ કબૂલે છે કે તેમની તપાસ દરમિયાન તેમને જપ્તી પંચનામાના પંચોને બોલાવી અને આરોપી નંબર 1 નાઓની

ઓળખ અંગે તેમજ પંચનામાં અંગે કોઈ ખરાઈ કરાવેલ નથી. તે સિવાય આરોપીપક્ષ તરફે આપવામાં આવેલ અન્ય સજેશન નો સદર સાક્ષી દ્વારા ઇનકાર કરવામાં આવેલ છે.

16. ત્યારબાદ, સદર બનાવ ના કામે આરોપી વિરુદ્ધ તોહમતનામુ ફરમાવ્યા બાદ, ફરિયાદપક્ષ તરફે આંક 56 થી સાક્ષી ને તપાસવામાં આવેલ છે. સદર સાક્ષી બનાવ અરસામાં આણંદ આર.પી.એફ. પોસ્ટ ના તપાસ અધિકારી હતા, તેઓ દ્વારા તેમની સરતપાસ માં જણાવેલ છે કે બનાવ તારીખ 29 10 2021 ના રોજ બનેલ હતો અને તે સમય દરમિયાન તેઓ આણંદ પોસ્ટ ખાતે ઇન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવતા હતા. તે દિવસે તેઓને બાતમીદાર પાસેથી સૂચના મળેલી કે ડાકોર રેલવે સ્ટેશન ઉપર ટિકિટોની કાળા બજારી થાય છે જે સૂચના ના આધારે તેઓ તથા એસ.આઈ.પી.એફ. રામગોપાલ વર્મા, નાઓ ડાકોર રેલવે સ્ટેશન ખાતે ગયેલા અને ત્યાં ગુપ્ત વોચ માં રોકાયેલા. તે દરમિયાન આશરે 11:00 વાગ્યાની આસપાસ સ્લીપર તત્કાલના સમયે પી.આર.એસ વિન્ડો ઉપર કોઈ વ્યક્તિ હાજર મળી આવેલ નહીં જેથી પી.આર.એસ ના ઓન ડ્યુટી ક્લાર્ક ધર્મેશ પટેલ નાઓ દ્વારા બે સ્લીપર ટિકિટ તત્કાલમાં કાઢતા હતા તે સમયે તેમના દ્વારા તેઓને પકડવામાં આવેલ હતા. ત્યારબાદ પંચો ના બે માણસોને બોલાવી અને પકડાયેલ વ્યક્તિનું નામ પૂછતા તેને પોતાનું નામ ધર્મેશ પટેલ હોવાનું જણાવેલું. ત્યારબાદ તેને વધુમાં કબુલ કરતા જણાવેલું કે નૌશાદ (આરોપી નં. 2) નામના વ્યક્તિની સૂચના અને કહેવાથી તે રેલવેની ટિકિટોનું કાળા બજારી કરતા હતા. તેઓ વધુમાં જણાવે છે કે આ નૌશાદ નામના વ્યક્તિ ની વિરુદ્ધ અગાઉ પણ રેલ્વે એક્ટ હેઠળ ટિકિટની કાળા બજારી કરવા માટે અપરાધો નોંધાયેલા છે. ત્યારબાદ સલીમ અને

જયેશ પાટીલ તેમની પોસ્ટના રાઇટર નાઓને બોલાવી અને આગળની કાર્યવાહી કરેલી. ત્યારબાદ પકડાયેલ વ્યક્તિ ને આણંદ પોસ્ટ ખાતે લાવેલા અને સદર બનાવ બાબતેનો ગુનો નોંધવામાં આવેલો અને સંબંધિત મુદામાલ જપ્ત કરવામાં આવેલો. ત્યારબાદ આરોપીની અટક અંગેની સૂચના આરોપીના સંબંધિત ડિપાર્ટમેન્ટમાં આપવામાં આવેલ હતી. ત્યારબાદ તેઓની વધુ તપાસ દરમિયાન ફરાર આરોપી નૌશાદ નાઓની અટક કરવામાં આવેલી અને સદર પકડાયેલ નૌશાદ નાઓની વધુ પૂછપરછ કરતા તેના દ્વારા પોતે કરેલ ગુનો કબુલ કરવામાં આવેલો. ત્યારબાદ સદર બનાવ ની પ્રાથમિક તપાસ એસ.આઈ.પી.એફ. રામગોપાલ વર્મા નાઓ દ્વારા કરવામાં આવેલી અને તેઓની ચાલુ તપાસ દરમ્યાન તેઓનું ઇન્સ્પેક્ટર તરીકે ડિપાર્ટમેન્ટલ પ્રમોશન મળતા આ બનાવની આગળની તપાસ દિનેશકુમાર નાઓ તરફ મોકલી આપવામાં આવેલ હતી. આ સંદર્ભે એસ.આઈ.પી.એફ. દિનેશકુમાર નાઓ દ્વારા તેમનો નિવેદન લેવામાં આવેલ હતો કે જે નિવેદન આંક 57 વાળો નિવેદન તેઓ દ્વારા તેમની જુબાની દરમ્યાન કોર્ટના રેકોર્ડ માંથી ઓળખી બતાવવામાં આવેલ છે. ત્યારબાદ, તેઓ દ્વારા આરોપી ની કોર્ટ રૂબરૂ ઓળખી બતાવવામાં આવેલ છે.

ત્યારબાદ, સદર સાક્ષી નાઓની આરોપીપક્ષ તરફે ઉલટતપાસ લેવામાં આવેલ હતી, જેમાં તેઓ દ્વારા એ વાત કબૂલ કરવામાં આવેલ હતી કે આ બનાવમાં તેમના દ્વારા કોઈ ફરિયાદ આપવામાં આવેલ નથી. તેઓ વધુમાં કબૂલે છે કે સદર બનાવની તપાસ રામગોપાલ વર્મા અને દિનેશકુમાર નાઓ દ્વારા કરવામાં આવેલ છે અને તેમના દ્વારા કરવામાં આવેલ નથી. આ બનાવ ની સૂચના તેઓને બનાવ તારીખના એક દિવસ પહેલા મળેલ હતી. તેઓ કબૂલે છે કે તેઓને

જે બાતમી મળેલી તે અંગેની નોંધ તેમના દ્વારા સૂચના ડાયરીમાં કરવામાં આવેલ ન હતી. તેઓ કબૂલે છે કે તારીખ 29/10/2021 ના રોજ તેઓ સૂચનાના આધારે બનાવ સ્થળે ગયેલા તે સંબંધેની કોઈ નોંધ પોસ્ટ ડાયરીમાં કરવામાં આવેલ ન હતી. તેઓ જણાવે છે કે બનાવ તારીખ 29/10/2021 ના રોજ ડાકોર રેલવે સ્ટેશન જવા માટે આણંદ ખાતેથી અમો આશરે 09:00 વાગ્યાની આસપાસ નીકળેલા. તેઓ કબૂલે છે કે બનાવ તારીખે પીઆરએસ માં જવાથી પહેલા તેમના દ્વારા એસ.એસ. અથવા સી.એમ.આઇ. પાસેથી કોઈ પરવાનગી લેવામાં આવેલ ન હતી. તેઓ દ્વારા પાછળથી જણાવેલ છે કે પરવાનગી એસ.એસ. પાસેથી મૌખિકમાં લેવામાં આવેલ હતી. તેઓ વધુમાં જણાવેલ છે કે આ બનાવ અગાઉ તેઓ ડાકોર રેલવે સ્ટેશન આશરે કેટલી વાર ગયેલા હશે તે ચોક્કસ કહી શકે નહીં. તેઓ કબૂલે છે કે તેઓ ડાકોર રેલવે સ્ટેશન થી સારી રીતે માહિતગાર છે. તેઓ કબૂલે છે કે પી.આર.એસ ની વિન્ડો બારી આશરે ત્રણ ચાર સીડી ઉપર આવેલી છે. તેઓને સવાલ પૂછતા તેઓને એ વાત ની ચોક્કસ જાણ નથી કે પી.આર.એસ વિન્ડો બારીની બાજુમાં વેઇટિંગ રૂમ આવેલ છે અને તેની બાજુમાં એસ.એસ. ની ઓફિસ આવેલ છે કે કેમ. તેઓની ઉલટતપાસ દરમ્યાન તેઓ દ્વારા વધુમાં જણાવેલ છે કે તેઓને એ વાત ની ખબર નથી કે મેન્યુઅલના હિસાબે પી.આર.એસ કાર્યાલય ની અંદર કેશ પડ્યો રહેતો હોવાથી માત્ર સી.એમ.આઈ., સી.બી.એસ અને એસ.એસ. નાઓ સિવાય અન્ય કોઈ વ્યક્તિ તે કાર્યાલયમાં પ્રવેશ કરી શકે નહીં. તેઓ જણાવે છે કે પી.આર.એસ કાર્યાલયમાં પ્રવેશ કરેલ તે સમયે એસ.એસ. ને સાથે લઈ અને ગયેલા નહિ. તેઓ જણાવે છે કે એસ.એસ. ને જાણ કરતા તેઓએ આવવાની ના પાડેલી અને જણાવેલું કે તે

પોતાની જગ્યા છોડી શકે નહીં તેથી આવી શકશે નહિ. તેઓ પી.આર.એસ. કાર્યાલય ખાતે આશરે 11:00 વાગ્યાની આસપાસ ગયેલા હતા. તેઓ જ્યારે પી.આર.એસ. કાર્યાલય ની અંદર ગયેલા તે સમયે ત્યાં અન્ય કોઈ વ્યક્તિ હાજર હતો નહીં. સદર બનાવ દરમિયાન સલીમ અને જયેશ કે જેઓ આરપીએફના રાઇટર છે તેઓને આશરે 11:30 થી 12:00 ની વચ્ચે બોલાવેલા હતા. સદર બનાવમાં મુદામાલ જપ્ટી પંચનામુ આશરે કેટલા વાગે શરૂ કરેલું અને કેટલા વાગે પૂરું કરેલું તે ચોક્કસ સમય જુબાની દરમ્યાન તેઓને યાદ ન હોય જણાવી શકેલ નથી. સદર બનાવમાં મુદામાલ જપ્તી પંચ તરીકે જે બે વ્યક્તિઓ હતા તેઓના પુરા નામ અને સરનામા જુબાની દરમ્યાન તેઓને યાદ ન હોય જણાવી શકેલ નથી. તેઓ જણાવે છે કે બે પંચો પૈકી એક પંચ સોલંકી અટક ધરાવતો હતો અને તે બહારી વ્યક્તિ હતો અને અન્ય એક પંચ ઓનડ્યુટી રેલવે કર્મચારી હતો. ડાકોર રેલવે સ્ટેશન ખાતેથી કાર્યવાહી કર્યા બાદ આણંદ પોસ્ટ ઉપર પરત આવવા સારું તેઓ કેટલા વાગે નીકળેલા તેનો ચોક્કસ સમય હાલ તેઓને યાદ નથી. તેઓ કબૂલે છે કે રેલ્વે એક્ટ તેમજ આઇ.પી.સી. અને સી.આર.પી.સી. ની જોગવાઈઓ થી તેઓ વાકેફ છે. તેઓ કબૂલે છે કે રેલવે એક્ટની કલમ 143 માં કરેલ વ્યાખ્યા તેઓએ વાંચેલી છે. તેઓ કબૂલે છે કે આ કામના આરોપીએ કહેવાતો અપરાધિક કૃત્ય કરતા હોય તે બાબતેની કોઈ લેખિત ફરિયાદ સી.એમ.આઇ, એસ.એસ. અથવા અન્ય કોઈ રેલવે કર્મચારી પાસેથી મળેલ ન હતી. તેઓ કબૂલે છે કે આ કામના આરોપી ધર્મેશકુમાર નાઓની વિરુદ્ધ તેમની નોકરી દરમિયાન અગાઉ કોઈ રેલવે એક્ટ ની કલમ 143 મુજબનું અપરાધ નોંધાયેલો હોય તેવું બનેલ નથી. તેઓ વધુમાં જણાવેલ છે કે એ બાબતે તેઓ

ચોક્કસ કહી શકે નહીં કે તેઓ ડાકોર રેલવે સ્ટેશન ખાતે 11:00 વાગ્યેથી જ્યારે હાજર હતા તે સમય દરમિયાન પ્લેટફોર્મ નંબર 1 ઉપર ચાલતી પેસેન્જર ગાડી આવી અને ઉભી રહેલી હતી કે કેમ. તેઓ કબૂલે છે કે બનાવ તારીખના રોજ સમય 11:00 વાગ્યાથી 03:00 ની વચ્ચે જનરલ ટિકિટ પ્લેટફોર્મ ઉપરથી ઇસ્યુ કરવામાં આવેલ હતી. તેઓ કબૂલે છે કે જે જનરલ ટિકિટ ઇસ્યુ કરવામાં આવેલ હતી તે ટિકિટ આ કામના આરોપી ધર્મેશકુમાર પટેલ નાઓ દ્વારા ઇસ્યુ કરવામાં આવેલ હતી. તેઓ જણાવે છે કે ડાકોર રેલવે સ્ટેશનના એસ.એસ. નાઓ દ્વારા જણાવવામાં આવેલ હતું કે આરોપીના રીલીવર તરીકે કોઈ વ્યક્તિ મળી આવેલ ન હોવાથી આરોપી વ્યક્તિને ટિકિટ કાઢવા માટે ની સૂચના આપેલી હતી. આ બાબતેની સુચના તેમના દ્વારા સી.એમ.આઇ. નાઓને આપવામાં આવેલ હતી અને તેઓને બોલાવવામાં આવેલ હતા પણ તેઓ આવેલા નહિ. તેઓ કબૂલે છે કે આંક 57 વાળા નિવેદનમાં તેઓએ એવી હકીકત જણાવેલ નથી કે તેઓએ સી.એમ.આઇ. ને ફોન કરેલો પણ તે આવેલા નહિ. પી.આર.એસ. ખાતેના અધિકૃત રેલવે કર્મચારીના રીલીવર સાંજના સમયે આવેલા ચોક્કસ સમય જુબાની દરમ્યાન તેઓને યાદ ન હોય જણાવેલ નથી. રિલિવર તરીકે કોણ આવેલું તેનું નામ સરનામું જુબાની દરમ્યાન તેઓને યાદ ન હોય જણાવેલ નથી. તેઓ કબુલે છે કે સામાન્ય રીતે તત્કાલ ટિકિટ કઢાવવા સારું તત્કાલ ટિકિટના પ્લેટફોર્મ સાથે પેસેન્જર નું આઇડી પ્રૂફ સાથે જોડાતું હોય છે. તે સિવાય આરોપીપક્ષ તરફે આપવામાં આવેલ અન્ય સજેશન નો સદર સાક્ષી નાઓ દ્વારા ઇનકાર કરવમાં આવેલ છે.

17. ત્યારબાદ, સદર કામે ફરિયાદપક્ષ તરફે આંક 50 થી સાક્ષી તપાસવામાં આવેલ છે. તેઓ દ્વારા તેમની સરતપાસમાં જણાવેલ છે કે બનાવ તારીખ 29/10/2021 ના રોજ બનેલ હતો. તે દિવસે તેમની ડ્યુટી ડાકોર સ્ટેશન ઉપર પોઇન્ટ્સ મેન તરીકે હતી અને તેમની નોકરીનો સમય સવારના 08:00 વાગ્યાથી લઈને સાંજના 20:00 વાગ્યા સુધીનો હતો. તેઓને આરપીએફ વાળા સાહેબ નાઓએ બુકિંગ ઓફિસની બાહરે બોલાવેલ હતા કે જ્યાં પંચનામાની કાર્યવાહી કરવામાં આવેલ હતી. તે પંચનામું ગેરકાયદેસર રીતે વેચવામાં આવતી ટિકિટ બાબતેના ગુના સંદર્ભે કરવામાં આવેલ હતું અને તે ટિકિટો આ કામના આરોપી ધર્મેશભાઈ નાઓની પાસેથી મળી આવેલ હતી. તે આરોપી ધર્મેશભાઈ પાસેથી બે ટિકિટો મળી આવેલ હતી. તેઓ વધુમાં જણાવેલ છે કે આ કહેવાતી ટિકિટો કોની હતી તેની તેઓને જાણ નથી અને તે ટિકિટ કોના કહેવાથી કાઢવામાં આવી હતી તેની પણ તેઓને જાણ નથી. ત્યારબાદ તે ટિકિટોને આરપીએફ વાળાઓ દ્વારા જપ્ત કરવામાં આવેલ હતી. તેઓ આંક 18 થી કોર્ટના રેકોર્ડમાં રજૂ જપ્તી પંચનામામાં પંચ નં. 2 તરીકે તેમની સહી ઓળખી બતાવેલ છે અને આંક 24 થી રજૂ નકશામાં પણ પંચ નં.2 તરીકે તેમની સહી ઓળખી બતાવેલ છે. તેઓ દ્વારા વધુમાં આંક 19 અને 20 થી રજૂ બે ટિકિટોમાં પણ પંચ તરીકે તેમની સહી જૂબનાઈ દરમ્યાન ઓળખી બતાવવામાં આવેલ છે. તેઓ આંક 21 અને 22 થી રજુ રિક્વિઝીશન ફોર્મમાં પણ પંચ તરીકે તેમની સહી ઓળખી બતાવેલ છે. તેઓ વધુમાં જણાવેલ છે કે સદર કાર્યવાહી અંગે આરપીએફ વાળા દ્વારા તેમનો જવાબ લેવામાં આવેલ હતો કે જે આંક 51 વાળા જવાબ ને કોર્ટ ના રેકોર્ડ માંથી તેઓ દ્વારા તેમની

જુબાની દરમ્યાન ઓળખી બતાવવામાં આવેલ છે. તેઓ દ્વારા આરોપી ધર્મેશભાઇ નાઓને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવવામાં આવેલ છે.

ત્યારબાદ, સદર સાક્ષી નાઓની આરોપીપક્ષ તરફે ઉલટતપાસ લેવામાં આવેલ હતી, જેમાં તેઓ દ્વારા એ વાત જણાવામાં આવેલ છે કે તેઓએ ધોરણ 11 સુધી અભ્યાસ કરેલ છે.વધુમાં, જ્યારે કહેવાતો સદર બનાવો બનેલ તે સમયે તેમની નોકરીને આશરે 8 થી 9 વર્ષ જેટલો સમય થયેલ હતો. વધુમાં, તેઓની પોઇન્ટસ મેન તરીકે ની કામગીરીમાં સન્ટીંગ કરવાનું હોય છે, કોઈ પોઇન્ટ ખરાબ થાય તો તેની ઉપર ક્લેમ્પ લગાડવાનું ગાડીઓને સ્ટેબલ કરવાની જેવી કામગીરી હોય છે. વધુમાં, તેઓ પોઇન્ટ્સ મેન તરીકે ડાકોર રેલવે સ્ટેશન ઉપર આવેલ માસ્ટર ઓફિસની સામે બેસી અને કામગીરી કરતા હતા. તેઓ કબૂલે છે કે તેમની કામગીરી સ્ટેશન માસ્ટર એસ.એસ. ની અંદર માં થતી હોય છે. તેઓ કબૂલે છે કે તેમની ફરજ સિવાયની જે પણ કામગીરી કરવાની થતી હોય છે તેના માટે સ્ટેશન માસ્ટર એસ.એસ. ની પરવાનગી લેવાની થતી હોય છે. તેઓ કબૂલે છે કે એસ.એસ. નાઓ દ્વારા પંચમાં રહેવા સારું તેમને કોઈ મેમો આપવામાં આવેલ નહીં. તેઓ સ્વેચ્છાએ જણાવે છે કે તેઓ દ્વારા એસ.એસ. પાસેથી મૌખિક રીતે પંચમાં રહેવા માટે પરવાનગી મેળવેલ હતી. વધુમાં, તેઓ જણાવે છે કે બનાવ તારીખ 29/10/2023 ના રોજ સમય 13:00 થી 15:00 દરમિયાન આશરે ૮ થી ૯ માલ ગાડીઓ સ્ટેશન ઉપરથી પસાર થયેલ હતી. તેઓ કબૂલે છે કે તેઓ તે સમયે નોકરી ઉપર હાજર હોય તે તમામ ગાડીઓને ઓલરાઈટ કરવાની કામગીરી તેમની ફરજમાં આવતી હતી. તેઓ કબૂલે છે કે બનાવ તારીખે જ્યારે તેઓને આરપીએફ વાળાઓએ બોલાવેલા તે સમયે બુકિંગ ડિપાર્ટમેન્ટની બહાર એક

તૈયાર પંચનામામાં તેમની સહી લેવામાં આવેલ હતી. તેઓ કબૂલે છે કે તેઓને કોઈ ટિકિટો બતાવવામાં આવેલ ન હતી. તેઓ કબૂલે છે કે તેમના દ્વારા માત્ર સહી કરી અને ત્યારબાદ બુકિંગ ડિપાર્ટમેન્ટ ખાતેથી જતા રહેવામાં આવેલ હતું. વધુમાં, તેઓ જણાવે છે કે બનાવ તારીખે તેઓને 11:00 વાગ્યાની આસપાસ આરપીએફ વાળાઓએ બોલાવેલા હતા અને ત્યારબાદ આશરે 10 થી 15 મિનિટમાં સહી કરી અને ત્યાંથી તેઓ જતા રહેલા. તેઓ કબૂલે છે કે તે દિવસે કાર્યવાહી દરમિયાન તેમના દ્વારા કોઈ પૂછપરછ કરવામાં આવેલ ન હતી. તેઓ કબૂલે છે કે આ કામના આરોપી ધર્મેશભાઈ નાઓ તેમની સાથે નોકરી કરતા હોય જેથી તેઓને બનાવ અગાઉ ઓળખે છે. આ સિવાય આરોપીપક્ષ તરફે આપવામાં આવેલ અન્ય સજેશનનો સદર સાક્ષી દ્વારા ઇનકાર કરવામાં આવેલ છે.

18. ત્યારબાદ, સદર કામે ફરિયાદપક્ષ તરફે આંક 52 થી સાક્ષી ને તપાસવામાં આવેલ છે. તેઓ દ્વારા તેમની જુબાનીમાં જણાવેલ છે કે બનાવ તારીખ 29/10/2021 ના રોજ બનેલ હતો. તેઓ તેમની ફરજ ઉપર હાજર હતા તે સમયે આર.પી.એફ આણંદ વાળાઓએ તેઓને ટિકિટ બ્લોક કરવા માટે એક પત્ર આપેલો કે જે પત્ર અન્વયે તેમના દ્વારા કહેવાતા પત્રમાં જણાવેલ ટિકિટ બ્લોક કરવામાં આવેલ હતી. તેઓ દ્વારા આંક 29 વાળો જે પત્ર છે તે જુબાની દરમિયાન ઓળખી બતાવવા આવેલ છે. તેઓ વધુમાં જણાવેલ છે કે પત્ર મળ્યા બાદ તે પત્રમાં જણાવેલ ટિકિટ ને બ્લોક કરવામાં આવેલ હતી અને તે બ્લોક કર્યા અંગેનો શેરો (એન્ડોર્સમેન્ટ) તેમના દ્વારા તે પત્રમાં કરવામાં આવેલ હતો. જે શેરો તેમના અક્ષરમાં હોય તેઓ દ્વારા ઓળખી બતાવેલ છે. તેઓ દ્વારા વધુમાં આરોપીપક્ષ

તરફે ની ઉલટતપાસ માં જણાવેલ છે કે તેમના દ્વારા જે ટિકિટ બ્લોક કરવામાં આવેલ હતી તે સંદર્ભે આરપીએફ વાળાઓએ તેમનો કોઈ નિવેદન લીધેલ નથી.

19. ત્યારબાદ, સદર કામે ફરિયાદપક્ષ તરફે આંક 53 થી સાક્ષી ને તપાસવામાં આવેલ છે. તેઓ દ્વારા તેમની સરતપાસમાં જણાવેલ છે કે બનાવ તારીખ 29/10/2021 ના રોજ બનેલ હતો. તે દિવસે તેમની નોકરી ડાકોર રેલવે સ્ટેશન ઉપર સ્ટેશન અધિક્ષક તરીકે હતી અને તેમની નોકરીનો સમય સવારના 08:00 વાગ્યાથી સાંજના 16:30 કલાક સુધી હતો. તે દિવસે આરપીએફના માણસો ડાકોર સ્ટેશન ઉપર તત્કાલની ટિકિટ નો સમય હતો પણ કોઈ માણસ હાજર મળી આવેલ નહીં જેથી આઇ.પી.એફ. સોલંકી સાહેબ અને તેની સાથે રામગોપાલ વર્મા નાઓ ત્યાં આવેલા હતા અને પી.આર.એસ ઉપર હાજર ઓન ડ્યુટી સ્ટાફ ધર્મેશકુમાર જે. પટેલ તેઓએ બે ટિકિટો કાઢેલી હતી અને તે સંદર્ભે તેમને પકડેલા હતા. જેથી આર.પી.એફ. અધિકારી નાઓ દ્વારા આરોપી ધર્મેશકુમાર ના રીલીવર ની વ્યવસ્થા કરવા માટે જાણ કરેલી. આરોપી ધર્મેશકુમાર નાઓની પાસેથી બે ટિકિટો સ્લીપર ક્લાસની મળી આવેલ હતી. તે ટિકિટો ક્યાં થી ક્યાં સુધીની હતી તે તેઓને સદર જૂબની સમયે યાદ ન હોય જણાવેલ નથી. વધુમાં, તેઓ જણાવે છે કે આરોપી ધર્મેશકુમાર નાઓની પાસેથી એક પ્રાઇવેટ કેસ રજીસ્ટર જપ્ત કરવામાં આવેલ હતું જેમાં નિયમો અનુસાર કર્મચારી દ્વારા પોતાની પાસે જે પ્રાઇવેટ કેસ હોય તેને જાહેર કરવા અંગેની નોંધ કરવામાં આવતી હોય છે. જે નોંધ તારીખ 29/10/2021 ના રોજ કરવામાં આવેલ ન હતી. વધુમાં, તેઓ દ્વારા આંક 23 વાળો પ્રાઇવેટ કેસ રજીસ્ટર જુબાની દરમ્યાન કોર્ટના રેકોર્ડમાંથી કોઈ જણાવામાં આવે છે કે તે રજીસ્ટર તે જ છે અને તેમાં એન્ટ્રી દેખાઈ આવતી નથી.

તેઓ દ્વારા વધુમાં આંક 35, 36, 37 અને 38 વાળા દસ્તાવેજી પુરાવો જે રિઝર્વેશન ફોર્મ છે તે જોઈ જણાવામાં આવે છે કે તે આરોપી પાસેથી કબજે કરવામાં આવેલ હતા. ત્યારબાદ તપાસ અધિકારીઓ દ્વારા આરોપીનું તે દિવસનું મસ્ટર પાર્ટિક્યુલર લેવામાં આવેલ હતું જે આંક 54 વાળો મસ્ટર પાર્ટિક્યુલર તેઓ જુબાની દરમ્યાન ઓળખી બતાવેલ છે. વધુમાં, તેઓ જણાવે છે કે આ સદર મસ્ટર પર્ટીક્યુલર રજીસ્ટરમાં આ કામના આરોપી ધર્મેશકુમાર જયેન્દ્રભાઈ પટેલ નાઓની એન્ટ્રી છે અને તેમાં તેઓના હસ્તાક્ષર આવેલા છે. તેઓ વધુમાં જણાવે છે કે આ સંદર્ભે તપાસ કરનાર અધિકારી નાઓ દ્વારા તારીખ 30/12/2021 ના રોજ તેમનો આંક 55 વાળો નિવેદન લેવામાં આવેલ હતું જે કોર્ટના રેકોર્ડમાંથી તેઓ જુબાની દરમ્યાન જોઈ ઓળખી બતાવેલ છે. તેઓ દ્વારા આરોપીને જુબાની દરમ્યાન કોર્ટ રૂબરૂ ઓળખી બતાવવામાં આવેલ છે.

ત્યારબાદ, સદર સાક્ષી નાઓની આરોપીપક્ષ તરફે ઉલટતપાસ લેવામાં આવેલ હતી જે દરમ્યાન તેઓ દ્વારા કબૂલ કરવામાં આવેલ છે કે બનાવ તારીખ 29/10/2021 ના રોજ આઇપીએફ સોલંકી સાહેબ અને વર્મા સાહેબ નાઓ જ્યારે આવેલા હતા તે સમયે તેઓ દ્વારા તેમની પરવાનગી લીધા વગર રેલવે ટીકીટ બુકિંગ ની ઓફિસમાં ગયેલા હતા. વધુમાં, તેઓને આઇપીએફ એ કેટલા વાગે બુકિંગ ઓફિસ ખાતે બોલાવેલ તેનો ચોક્કસ સમય જુબાની દરમ્યાન તેઓને યાદ નથી તેથી જણાવેલ નથી પણ બનાવ તારીખનાં રોજ સમય 11:30 પછી જ બોલાવેલ હશે તેવું જણાવેલ છે. વધુમાં, તેઓ કબૂલે છે કે ટિકિટ બુકિંગ રિઝર્વેશન ઓફિસમાં બુકિંગ ક્લાર્ક ની સાથે ચીફ બુકિંગ સુપરવાઇઝર નાઓ પણ હાજર હોય છે. આરપીએફ વાળા નાઓએ તેમને રિલિવર બોલાવવા માટે

કેટલા વાગે જાણ કરેલી તે ચોક્કસ સમય જુબાની દરમ્યાન, તેઓને યાદ નથી જેથી તેઓ દ્વારા જણાવેલ નથી. તેઓ કબૂલે છે કે ટિકિટ રિઝર્વેશન ફોર્મ અને પ્રાઇવેટ કેસ રજીસ્ટર તે સી.બી.એસ. (ચીફ બુકિંગ સુપરવાઇઝર) ની અંદર તાબામાં રહે છે અને તે તેમના તાબામાં રહેતું નથી. તેઓ વધુમાં જણાવે છે કે બનાવ તારીખ 29/10/2021 ના રોજ તેઓ કેટલા વાગે તેમની ફરજ પરથી ઘરે ગયેલો તે ચોક્કસ સમય જુબાની દરમ્યાન તેઓને યાદ ન હોય, જણાવેલ નથી. તેઓ કબૂલે છે કે ટિકિટ બુકિંગ ક્લર્ક નું કામ પબ્લિક સાથે ડિલિંગ કરવાનું હોય છે. તેઓ વધુમાં કબૂલે છે કે કોઈપણ પેસેન્જરને ટિકિટ બુક કરાવવા અંગે કોઈ પ્રશ્ન હોય અથવા જરૂરી માહિતી જોઈતી હોય તો તે અંગે માહિતી આપવાનું કામ પણ ટિકિટ બુકિંગ કલર્ક નાઓ દ્વારા કરવામાં આવતું હોય છે. તેઓ કબૂલે છે કે બુકિંગ ક્લર્ક તે સી.એમ.આઇ (કોમર્શિયલ ઇન્સ્પેક્ટર) નાઓના તાબામાં કામગીરી કરતા હોય છે. તેઓ કબૂલે છે કે આ બનાવ સંદર્ભે પ્રાઇવેટ કેસ રજીસ્ટર તેમજ રિઝર્વેશન ફોર્મ તપાસ અધિકારીને સોંપતા પહેલા તેમના દ્વારા લેખિતમાં સી.એમ.આઈ પાસેથી કોઈ પરવાનગી લેવામાં આવેલ ન હતી. તેઓ સ્વેચ્છાએ જણાવે છે કે તે જાણ ટેલીફોન દ્વારા કરવામાં આવેલ હતી કારણ કે સી.એમ.આઈ. આણંદ ખાતે હેડ ક્વાર્ટર ધરાવે છે. વધુમાં, તેઓ જણાવે છે કે સી.એમ.આઈ. આણંદ નાઓને તેમના દ્વારા બોલાવવામાં આવેલ હતા અને તેઓ સાંજના સમયે આવેલ હતા. તેઓ વધુમાં આંક 23 થી રજુ પ્રાઇવેટ કેસ રજીસ્ટર જોઈને જણાવે છે કે તેમાં અંતે રજીસ્ટર બંધ કર્યા બાબતનું કોઈ શેરો કરવામાં આવેલ નથી. તે સિવાય આરોપીપક્ષ તરફે આપવામાં આવેલ તમામ સજેશનનો સદર સાક્ષી દ્વારા ઇનકાર કરવામાં આવેલ છે.

20. આ સિવાય ફરિયાદપક્ષ તરફે અન્ય કોઈ પુરાવો રજૂ કરવામાં આવેલ નથી.

21. સદર બનાવના કામે રેકોર્ડ પર આવેલ મૌખિક પુરાવા તથા દસ્તાવેજી પુરાવાની સંયુક્ત રીતે ધ્યાને લેતા તે હકીકત સ્પષ્ટ થાય છે કે આ કેસ માત્ર એકાદ પ્રસંગનો નથી પરંતુ આરોપીઓ દ્વારા લાંબા સમયથી ચાલી રહેલ ગેરકાયદેસર પ્રવૃત્તિનો છે. તપાસ અધિકારીઓના પુરાવા, પંચનામા, જપ્તી યાદી, તેમજ આરોપીઓના પોતાના નિવેદનો પરસ્પર સુસંગત છે અને એકબીજાને સમર્થન આપે છે. બચાવ પક્ષ તરફથી એવો કોઈ વિશ્વસનીય પુરાવો અથવા હકીકત રજૂ કરવામાં આવેલ નથી કે જે પ્રોસિક્યુશનના કેસને ખોટો સાબિત કરે અથવા તેના ઉપર શંકા ઉપસ્થિત કરી શકે.

**શું આરોપીઓ દ્વારા “વ્યવસાય” (Business) તરીકે પ્રવૃત્તિ કરવામાં આવી?**

22. રેલવે એક્ટ 1989 ની કલમ 143 હેઠળ “વ્યવસાય” શબ્દનો અર્થ માત્ર એકાદ વખત થયેલી ક્રિયા નથી, પરંતુ નિયમિત, સતત અને લાભ મેળવવાના હેતુથી કરવામાં આવતી પ્રવૃત્તિ થાય છે. કાયદાકીય રીતે “business” નો અર્થ એવી પ્રવૃત્તિ કે જેમાં નિયમિતતા હોય, જેમાં નફો / ફાયદો કમાવા નો ઉરદો હોય, અને જે સુઆયોજિત રીતે કરવામાં આવેલ હોય. આ કેસ ની હકીકતો ધ્યાને લઈએ તો આરોપી નં.1 અને આરોપી નં.2 બંનેએ પોતાના નિવેદનમાં સ્વીકાર્યું છે કે તેઓ છેલ્લા લગભગ બે વર્ષથી ટિકિટોનો ગેરકાયદેસર વેપાર કરતા હતા. વધુમાં, મોબાઈલ ફોનમાં થયેલા સંપર્ક, ભરેલા ફોર્મ, તથા ખાનગી કેશ રજિસ્ટર પરથી સાબિત થાય છે કે આ પ્રવૃત્તિ એકાદ પ્રસંગની નહીં પરંતુ નિયમિત હતી. તેવી જ રીતે કમિશન રકમ (દર ટિકિટ રૂ.200 થી 300) મળતી હોવાની કબૂલાતથી

લાભ મેળવવાનો ઈરાદો સ્પષ્ટ થાય છે. જેથી, પુરાવો વંચાણે લેતા આ કોર્ટનું માનવાનું છે કે આરોપીઓની પ્રવૃત્તિ "વ્યવસાય" ના વ્યાખ્યામાં આવે છે અને કલમ 143નું પ્રથમ આવશ્યક તત્વ પુરવાર થાય છે.

## શું આરોપીઓ દ્વારા રેલ્વે ટિકિટ "મેળવવામાં" (Procuring) અને "પુરું પાડવામાં" (Supplying) આવી?

23. સદર કામે ફરિયાદપક્ષ તરફે રજૂ કરવામાં આવેલ પુરાવાથી એ હકીકત સાબિત થાય છે કે આરોપી નં.1 રેલ્વે કર્મચારી તરીકે JCRT તત્કાલ ટિકિટો કાઢતા હતા અને આરોપી નં.2 ગ્રાહકો પાસેથી નામ, ઉમર વગેરે વિગતો મેળવી આરોપી નં.1ને આપતા હતા અને ત્યારબાદ તે ટિકિટો ગ્રાહકોને પહોંચાડતા હતા. અહીં આરોપી નં.1 "procuring" અને આરોપી નં.2 "supplying"ની ભૂમિકા ભજવે છે. બંને આરોપીઓ એકબીજાની મદદથી ટિકિટ મેળવવાની અને વેચાણ માટે પુરું પાડવાની પ્રક્રિયામાં સહભાગી હતા. તેથી બંને સામે કલમ 143 લાગુ પડે છે, કારણ કે આ કલમમાં "procuring or supplying or assisting in procuring or supplying" શબ્દોનો ઉપયોગ કરવામાં આવેલ છે.

## શું આ પ્રવૃત્તિ "કાયદેસર અધિકાર વિના" (Without lawful authority) કરવામાં આવી?

24. સદર ગુના ના કામે આરોપી નં.2 પાસે રેલ્વે તરફથી ટિકિટ વેચવાનો કોઈ અધિકૃત પરવાનો હતો નહીં અને આરોપી નં.1 તે રેલ્વે કર્મચારી હોવા છતાં તેને

પોતાના વ્યક્તિગત લાભ માટે, કોઈ ગ્રાહક ની હાજરી વિના કમિશન લઈ ટિકિટ કાઢવાનો કોઈ કાયદેસર અધિકાર પણ ન હતો. રેલ્વે કર્મચારીને ટિકિટ વેચવાની સત્તા માત્ર નિયમો મુજબ મુસાફરોને જ આપવા માટે હોય છે. પોતાના પદનો દુરુપયોગ કરીને ત્રીજા વ્યક્તિ માટે ટિકિટ કાઢવી એ કાયદેસર અધિકારનો ઉપયોગ ગણાતો નથી પરંતુ દુરુપયોગ ગણાય છે. જેથી કોર્ટનું માનવું છે કે આરોપીઓની પ્રવૃત્તિ “without lawful authority” હતી અને કલમ 143નું આવશ્યક તત્વ પુરવાર થાય છે.

## શું ટિકિટો “વેચાણ અથવા હસ્તાંતરણ માટે” (For the purpose of sale or transfer) લેવામાં આવી?

25. સદર ગુનાના કામે રજૂ થયેલ પુરાવાથી સ્પષ્ટ થાય છે કે ટિકિટો આરોપીઓની પોતાની મુસાફરી માટે નહોતી તે ત્રીજા વ્યક્તિઓ (ગ્રાહકો) માટે કાઢવામાં આવી હતી. કાઢવામાં આવેલ દરેક ટિકિટ ઉપર છાપેલી કિંમત કરતાં વધુ રકમ લેવામાં આવી હતી. જેથી, તે હકીકત ને ધ્યાને લઈ આ પરિસ્થિતિમાં ટિકિટ મેળવવાનો હેતુ “self-use” નહિ પરંતુ “commercial transfer” હતો. એટલે કે, ટિકિટો વેચાણ અથવા હસ્તાંતરણ માટે જ લેવામાં આવી હતી. જે બાબત ધ્યાને લેતા કલમ 143નું “for purpose of sale or transfer” તત્વ પુરવાર થાય છે.

## શું જરૂરી દોષભાવ (Mens Rea) સાબિત થાય છે?

26. કાયદાના હેતુ અનુસાર Mens rea એટલે ગુનાની જાણ સાથે કરાયેલ કૃત્ય. આ બનાવમાં રજૂ થયેલ પુરાવા ને ધ્યાને લેતા આરોપી નં.1 રેલ્વે કર્મચારી હોવાથી જાણતો હતો કે આ પ્રકારનું કૃત્ય રેલ્વે નિયમો વિરુદ્ધ છે તેમ છતાં કમિશન મેળવવા માટે તે આ પ્રવૃત્તિ કરવામાં આવેલ હતી. વધુમાં, આરોપી નં.2એ સ્વીકાર્યું છે કે તે ટિકિટોનો કાળાબજાર કરતો હતો. વધુમાં, લાંબા સમયથી આ પ્રવૃત્તિ ચાલતી હોવી, ગુપ્ત રીતે કરવી અને મોબાઇલ દ્વારા એકબીજાં સાથે સંપર્ક રાખવો તે તમામ હકીકત આ બધું ઈરાદાપૂર્વક કરાયેલ કૃત્ય દર્શાવે છે. આથી, કાયદાના હેતુ માટે દોષભાવ પુરાવાથી સ્પષ્ટ રીતે સાબિત થાય છે.

27. આમ, સદર કામે રજૂ મૌખિક અને દસ્તાવેજી પુરાવાની પરસ્પર સુસંગતતા જોવામાં આવે તો સદર કામે ફરિયાદપક્ષ તરફે રજૂ કરેલ મૌખિક પુરાવા ને જપ્ત કરાયેલ ટિકિટો, ભરેલા ફોર્મ, રોકડ રકમ, મોબાઈલ ફોન, ખાનગી કેશ રજિસ્ટર સંપૂર્ણ રીતે સમર્થન આપી રહ્યા છે. આ પુરાવાઓ વચ્ચે કોઈ ગંભીર વિરોધાભાસ નથી. નાના-મોટા તફાવતો તપાસ પ્રક્રિયાની સ્વાભાવિક ખામીઓ ગણાય અને તે કેસના મૂળ તત્વોને નુકશાન પોહચાડી શકેલ નથી. જેથી, સમગ્ર પુરાવાનું ચોક્કસાઈ પૂર્વક અવલોકન કરતાં પ્રોસિક્યુશનનો કેસ વિશ્વસનીય અને સ્વીકાર્ય બને છે.

28. વધુમાં, આરોપી નં.1 તથા આરોપી નં.2એ પોતાના નિવેદનમાં ગુનો કર્યાનું, કમિશન લીધાનું, લાંબા સમયથી આવું કર્યાનું સ્વૈચ્છિક રીતે સ્વીકાર્યું છે. વધુમાં, સદર કામે આરોપી નં. 2 તરફે કોર્ટ રૂબરૂ પણ ગુનો કબૂલ કરવામાં આવેલ છે

અને આંક 14 થી તા. 19/12/2023 ના રોજ તેઓને તકસીરવાન ઠરાવમાં આવેલ છે. આ કબૂલાતો એકલા આધારરૂપ ન હોવા છતાં, જ્યારે તે અન્ય પુરાવાથી સમર્થિત હોવાથી તેને વિશ્વસનીય પુરાવા તરીકે સ્વીકારવામાં આવે છે.

## ફરિયાદ હકીકત ને દસ્તાવેજી પુરાવાથી મળતું સમર્થન :-

29. સદર કામે રેકોર્ડ પર આવેલ દસ્તાવેજી પુરાવાને ધ્યાને લેતા પહેલા પ્રથમ નોંધવું જરૂરી છે કે આંક 01 વાળી ફરિયાદ, આંક 18 વાળું ઘટના સ્થળ તેમજ જપ્તી પંચનામુ, સદર કામે આરોપી નં. 1 અને 2 પાસે થી કબજે કરવામાં આવેલ મુદ્દામાલ દર્શાવતી મુદ્દામાલ પાવતી, આંક 27 અને આંક 32 થી રજૂ બંને આરોપીઓના નિવેદનો, આંક 33 વાળું ઓળખ પંચનામું અને સદર કામે ફરિયાદ હકીકત સાથે રજૂ થયેલ તપાસ રિપોર્ટ એકબીજાને સમર્થન આપે છે અને ઘટનાક્રમની એક અખંડિત કડી સ્થાપિત કરે છે. આ તમામ દસ્તાવેજો પરસ્પર સુસંગત છે તથા કોઈ ગંભીર વિરોધાભાસ જણાતો નથી, જેથી તેમની વિશ્વસનીયતા પર સંશય ઉભો થતો નથી. સદર કામે રજૂ આંક 18 વાળા બનાવ સ્થળ અને જપ્તી પંચનામા તેમજ આંક 24 વાળા ઘટના સ્થળ ના નકશા ને સંયુક્ત રીતે ધ્યાને લઈ તેનું મૂલ્યાંકન કરતા તે દસ્તાવેજો પરથી સ્પષ્ટ થાય છે કે PRS Cum UTS કાર્યાલય ખાતે ઘટના સમયે કોઈ મુસાફર લાઇનમાં હાજર ન હોવા છતાં બે JCRT તત્કાલ કોટાની ટિકિટો કાઢવામાં આવી હતી. આ પરિસ્થિતિથી એ બાબત પુરવાર થાય છે કે આ ટિકિટો સ્વયં આરોપી માટે અથવા ત્યાં હાજર કોઈ મુસાફર માટે નહોતી, પરંતુ ત્રીજા વ્યક્તિને પુરુ પાડવાના હેતુથી કાઢવામાં આવી હતી. આથી રેલવે એક્ટ 1989 ની કલમ 143 માં જણાવેલ

"for purpose of sale or transfer" તત્વ પુરાવાથી પ્રાથમિક રીતે સ્થાપિત થાય છે. વધુમાં, સદર કામે રજૂ આરોપી નં. 1 પાસેથી જપ્ત કરેલ મુદ્દામાલ ની યાદી મુજબ આરોપી નં.1 પાસેથી બે JCRT ટિકિટો, મોબાઈલ ફોન, રોકડ રકમ તથા ખાનગી કેશ રજિસ્ટર જપ્ત કરવામાં આવેલ છે. આ દસ્તાવેજી પુરાવો દર્શાવે છે કે આરોપી માત્ર ટિકિટ કાઢવામાં જ સંકળાયેલ ન હતો, પરંતુ તે પ્રવૃત્તિ વ્યવસ્થિત રીતે કરવામાં આવતી હતી. સદર કામે આરોપી નં. 1 ના કબ્જા માંથી પ્રાપ્ત થયેલ રોકડ રકમ "profit motive" તરફ ઈશારો કરે છે, જે કલમ 143 હેઠળ આવશ્યક "વ્યવસાય"ના તત્વને મજબૂત બનાવે છે. વધુમાં, કહેવાતો પંચનામુ સ્વતંત્ર પંચ સાહેદો ની હાજરીમાં તૈયાર કરેલ હોય અને પંચો દ્વારા તે પંચનામાને સમર્થન આપવામાં આવેલ હોય, તેમાં જણાવેલ હકીકત ને નકારી શકાય નહિ.

30. તેવી જ રીતે, સદર કામે રજૂ આંક 27 અને આંક 32 વાળા આરોપી નં.1 તથા આરોપી નં.2ના નિવેદનમાંથી સ્પષ્ટ થાય છે કે બંને વચ્ચે લાંબા સમયથી સંપર્ક હતો અને આરોપી નં.1 રેલ્વે કર્મચારી હોવા છતાં આરોપી નં.2 માટે ટિકિટો કાઢતા હતા. આરોપી નં.2 દ્વારા કમિશન રૂપે રૂ.200 થી 300 પ્રતિ ટિકિટ લેવામાં આવતું હોવાની નોંધ પણ આ દસ્તાવેજોમાં છે. આ કબૂલાતો સ્વતંત્ર પુરાવા તરીકે એકલા આધારરૂપ છે કારણ કે નામ. સુપ્રીમ કોર્ટ દ્વારા પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે આર.પી.એફ. તે એક પોલીસ ન હોવાથી તેઓની સમક્ષ કરવામાં આવેલ રજૂઆત ને પુરાવા અધિનિયમ ની કલમ 25 નો બાધ નડતો નથી. વધુમાં, સદર કબૂલાત ને જપ્ત ટિકિટો તથા રોકડ રકમ જેવા દસ્તાવેજી પુરાવાથી સમર્થિત થાય છે, ત્યારે તે વિશ્વસનીય સહાયક પુરાવા બની જાય છે.

31. સદર કામે, આંક 1 વાળી ફરિયાદ હકીકત અને તપાસ અધિકારી ના મૌખિક પુરાવા થી એ હકીકત સ્પષ્ટ થાય છે કે સદર કામે કબજે કરેલ મોબાઈલ સંબંધિત દસ્તાવેજો તથા તેમાં નોંધાયેલ વાતચીતના સંદર્ભો દર્શાવે છે કે આરોપી નં.1 અને આરોપી નં.2 વચ્ચે ટિકિટ બાબતે સતત સંપર્ક થતો હતો. આ દસ્તાવેજો માત્ર સંપર્ક દર્શાવતા નથી, પરંતુ ટિકિટ કાઢવાની અને પુરું પાડવાની પૂર્વ તૈયારી તથા સંકલન (meeting of minds) સાબિત કરે છે. આથી બંને આરોપીઓ વચ્ચેની સાંઠગાંઠ તથા સંયુક્ત ઈરાદો (common intention) પુરાવાથી સ્પષ્ટ થાય છે. સદર કામે આંક 33 થી રજૂ ઓળખ પંચનામા પરથી પુરવાર થાય છે કે આરોપી નં.1 દ્વારા આરોપી નં.2ની ઓળખ પંચોની હાજરીમાં કરવામાં આવી છે. આ દસ્તાવેજ બંને આરોપીઓ વચ્ચેના સંબંધને મજબૂત કરે છે અને બચાવ પક્ષ તરફથી ખોટી ઓળખ અથવા ખોટી રીતે ફસાવવાનો તર્ક સ્વીકાર્ય નથી રહેતો.

32. કલમ 143, રેલ્વે અધિનિયમ, 1989 હેઠળ ગુનો સાબિત કરવા માટે એ પુરવાર કરવું આવશ્યક છે કે આરોપીએ કાયદેસર અધિકાર વિના રેલ્વે ટિકિટો મેળવવાનો અથવા પુરું પાડવાનો વ્યવસાય કર્યો છે. હાલના કેસમાં આરોપી નં.2 પાસે રેલ્વે તરફથી કોઈ અધિકાર ન હતો અને આરોપી નં.1 રેલ્વે કર્મચારી હોવા છતાં, તેને પોતાના વ્યક્તિગત લાભ માટે ત્રીજા વ્યક્તિ માટે ટિકિટ કાઢવાનો અધિકાર નહોતો. આ હકીકત આરોપીઓના નિવેદન પરથી સ્પષ્ટ થાય છે. આથી “without lawful authority” તત્વ દસ્તાવેજી પુરાવાથી પુરવાર થાય છે. ઉપરોક્ત તમામ દસ્તાવેજી પુરાવાની સંયુક્ત મૂલ્યાંકન કરતા, આ કોર્ટ એ નિષ્કર્ષે ઉપર પહોંચે છે કે આરોપીઓ વચ્ચે સાંઠગાંઠ હતી, તેઓ નિયમિત રીતે

રેલ્વે ટિકિટો મેળવતા અને ત્રીજા વ્યક્તિને નફા માટે પુરું પાડતા હતા અને આ સમગ્ર પ્રવૃત્તિ કાયદેસર અધિકાર વિના કરવામાં આવતી હતી. સદર કામે ફરિયાદપક્ષ તરફે રજૂ કરવામાં આવેલ દસ્તાવેજો પરસ્પર સુસંગત છે અને એકબીજાને સમર્થન આપે છે, તેથી પ્રોસિક્યુશનનો કેસ સંશયની બહાર સાબિત થાય છે. પરિણામે, દસ્તાવેજી પુરાવા પરથી એ નિઃસંદેહ સાબિત થાય છે કે આરોપીઓએ કાયદેસર અધિકાર વિના રેલ્વે ટિકિટો મેળવવાનો તથા પુરું પાડવાનો વ્યવસાય કરી, કલમ 143, રેલ્વે અધિનિયમ, 1989 હેઠળ ગુનો કર્યો છે.

33. સદર કામે તપાસ અધિકારી નો આંક 46 વાળો મૌખીક પુરાવો જોતા તેમજ બનાવ સમય ના આઈ.પી.એફ. આણંદ ના આંક 56 વાળા મૌખિક પુરાવા ને ધ્યાને લઈએ તો તેમાંથી પુરવાર થાય છે કે તેમને માહિતી મળી હતી કે ડાકોર રેલવે સ્ટેશન ઉપર ટિકિટોની કાળાબજારી થાય છે અને આ માહિતીના આધારે સ્થળ ઉપર કાર્યવાહી કરવામાં આવી. આ નિવેદન ગુનાની શરૂઆત (genesis of crime) સ્પષ્ટ કરે છે અને એ દર્શાવે છે કે કાર્યવાહી કોઈ અંગત દ્વેષ કે મનઘડંત રીતે નહિ પરંતુ વિશ્વસનીય માહિતીના આધારે કરવામાં આવી હતી. સદર સાક્ષીએ વધુમાં જણાવ્યું છે કે આરોપી નં.1 રેલવે કર્મચારી હોવા છતાં ત્રીજા વ્યક્તિ માટે ટિકિટ કાઢતો હતો. આ હકીકત કલમ 143 ના “without lawful authority” તત્વને મજબૂત કરે છે, કારણ કે રેલવે કર્મચારીને પોતાના અંગત લાભ માટે અન્ય વ્યક્તિ માટે ટિકિટ કાઢવાની કોઈ કાયદેસર પરવાનગી નથી. આ સાક્ષીના નિવેદન પરથી એ પણ સ્પષ્ટ થાય છે કે આરોપી નં.2 બહારનો વ્યક્તિ છે અને તે ટિકિટો મેળવવા માટે આરોપી નં.1નો ઉપયોગ

કરતો હતો. આથી બંને વચ્ચે સાંઠગાંઠ અને સંયુક્ત ઈરાદો (common intention) સ્થાપિત થાય છે.

34. વધુમાં સદર કામે આંક 50 થી તપાસવામાં આવેલ પંચ સાક્ષી દ્વારા તેમની જુબાનીમાં જપ્તી પંચનામા અંગે જણાવ્યું છે કે આરોપી પાસેથી ટિકિટો, રોકડ રકમ તથા અન્ય વસ્તુઓ જપ્ત કરવામાં આવી હતી. ભલે તેણે ચોક્કસ સમય યાદ ન હોવાની વાત કરી હોય, પરંતુ તેણે જપ્તીની હકીકત અને પોતાની હાજરીને નકારેલ નથી. માત્ર સમય અથવા વિગતો યાદ ન હોવી એ પંચનામાની વિશ્વસનીયતા નષ્ટ કરતી નથી, કારણ કે જપ્તી અંગેનું દસ્તાવેજી પુરાવું હાજર છે અને આ સાક્ષી દ્વારા તેની પુષ્ટિ થાય છે. ન્યાયિક સિદ્ધાંત મુજબ, જો મુખ્ય ઘટના સાબિત થાય છે તો ગૌણ તફાવતો પુરાવાને અવિશ્વસનીય બનાવતા નથી. આ સાક્ષીના નિવેદનથી "ticket procurement and possession for supply" તત્વ પુરવાર થાય છે, કારણ કે આરોપી પાસે ટિકિટો અને રોકડ રકમ મળી આવી હતી, જે સ્વયં ઉપયોગ માટે હોવાની સંભાવનાને નકારે છે.

35. તેવી જ રીતે આંક 17 થી તપાસવામાં આવેલ તપાસ અધિકારીનો પુરાવો જોઈએ તો તેઓએ જણાવ્યું છે કે આરોપી નં.2એ સ્વીકાર્યું હતું કે તે આરોપી નં.1 પાસે ટિકિટ બુક કરાવતો હતો અને પછી તે ટિકિટો મુસાફરોને આપી કમિશન લેતો હતો. આ નિવેદન "business of procuring and supplying tickets" તત્વને સીધે સ્પર્શે છે. આરોપી નં.2 દ્વારા અપાયેલું નિવેદન સ્વીકારાત્મક (confessional) સ્વરૂપનું છે. ભલે તે એકલા આધારે દોષિત ઠરાવ માટે પૂરતું ન હોય, પરંતુ જ્યારે તે ટિકિટોની જપ્તી, મોબાઈલ સંપર્ક અને અન્ય સાક્ષીઓના નિવેદનોથી સમર્થિત થાય છે, ત્યારે તે વિશ્વસનીય પુરાવા તરીકે

માન્ય બને છે. આ સાક્ષી દ્વારા રજૂ કરાયેલ પુરાવા પરથી આરોપીઓનો નફો કમાવાનો ઈરાદો (profit motive) સાબિત થાય છે, જે કલમ 143 હેઠળ જરૂરી દોષભાવ (mens rea) દર્શાવે છે. વધુમાં, સદર કામે તપાસ અધિકારી દ્વારા જણાવેલ છે કે PRS requisition form ઉપરની હેન્ડરાઈટિંગ આરોપી સાથે મેળ ખાતી હોવાનું નિષ્ણાત મત આપવામાં આવ્યું છે. આથી એ સાબિત થાય છે કે ટિકિટ કાઢવાની પ્રક્રિયામાં આરોપીનો સીધો ભાગ હતો. નિષ્ણાત મત (expert opinion) દસ્તાવેજી પુરાવાને વૈજ્ઞાનિક આધાર આપે છે અને આરોપી દ્વારા ટિકિટો કાઢવામાં આવી હોવાનું સંશયની બહાર સ્થાપિત કરે છે. આ પુરાવો આરોપીની સંડોવણીને મજબૂત બનાવે છે અને બચાવ પક્ષ દ્વારા "ખોટી રીતે ફસાવ્યા" હોવાનો દાવો અસ્થિર બનાવે છે. સદર કામે રજૂ થયેલ સાક્ષીઓની જુબાની પરસ્પર પૂરક છે અને કોઈ એવી વિરુદ્ધતા નથી કે જેના કારણે પ્રોસિક્યુશનનો કેસ શંકાસ્પદ બને.

36. સદર કામે આંક 1 વાળી ફરિયાદ હકીકતમાં જણાવેલ હકીકત કે આરોપી નં. 1 ની ટીકીટ કાઢવા બાબતે પૂછપરછ દરમ્યાન તેણે જણાવેલ હતું કે "*નૌશાદ નામના ટિકિટ ના દલાલ વતી જાતે જ કાઢેલ છે અને નૌશાદ પોતાના મોબાઈલ ફોન 7096409779 ઉર મોબાઈલ થી ટિકિટ ની માહિતી આપતા જે જાતે જ પોતાની હેન્ડ રાઈટિંગમાં ફોર્મ ભરી ને તેમજ અન્ય ટિકિટ જે રૂબર એક દિવસ પહેલા મળી જે તેનો ફોર્મ અને ટિકિટો ના પૈસા તેમજ કમિશન રાશિ આપતા જે આજરોજ ડાકોર સ્ટેશન ઉપર કોઈ મુસાફર ન હોય સ્લીપર તત્કાળ કોટા માં જાતે જ ટિકિટ બુક કરેલ છે.*" તે હકીકત ને સદર કામે રજૂ થયેલ આંક 22 વાળા ફોર્મ, આંક 27 વાળા આરોપી નં. 1 અને આંક 32 વાળા આરોપી નં. 2 ના નિવેદન થી સમર્થન મળે છે. વધુમાં સદર કામે તપાસ અધિકારી દ્વારા રજૂ આંક

47 વાળા હેન્ડ રાઇટિંગ પંચનામા તેમજ આંક 49 થી રજૂ હેન્ડ રાઇટિંગ બાબતે ના અભિપ્રાય થી પણ તેને સમર્થન મળેલ છે. તેવીજ રીતે આરોપી પાસે થી કબજે કરવામાં આવેલ મૂદામાલ ને સ્વતંત્ર પંચો રૂબર કબજે કરવામાં આવેલ છે અને તે પંચનામા ને પંચ સાક્ષી દ્વારા કોર્ટ રૂબરૂ આંક 50 વાળી જુબાની માં સ્વીકાર કરવામાં આવેલ છે. વધુમાં, સદર કામે રજૂ થયેલ આંક 23 વાળા પ્રાઇવેટ કેશ રજીસ્ટર માં આરોપી નં. 1 દ્વારા બનાવ તા. 29/10/2021 ની કોઈ પણ એન્ટ્રી કરવામાં આવેલ નથી જે આરોપી નં. 1 ના બદ ઈરાદો દર્શાવવા પ્રમાણભૂત છે. વધુમાં, સદર કામે આંક 1 વાળી ફરિયાદ હકીકત માં જણાવેલ હકીકત કે આરોપી નં. 1 નો મોબાઈલ ફોન ચેક કરતા વોઇસ રેકોર્ડ માં ધર્મેશ અને નૌશાદ ની ટિકિટો સંબંધિત કોલ થયેલ હોવાનું મળી આવેલ છે તે હકીકત આરોપી નં. 1 ના આંક 27 વાળા નિવેદન થી સમર્થન મળેલ છે. વધુમાં, બનાવ તારીખ 29/10/2021 ના રોજ આરોપી નં. 1 ના કબ્જા માંથી પ્રાપ્ત થયેલ બે ટિકિટ તે આરોપી નં. 2 ની હોવાની ખુદ આરોપી નં. 2 દ્વારા તેઓના આંક 32 વાળા નિવેદન માં કબૂલ કરવામાં આવેલ છે જેથી તે હકીકત ને સમર્થન મળેલ છે અને આરોપીપક્ષ દ્વારા તેને ખંડન કરવામાં આવેલ ન હોય, તે હકીકત પુરવાર થયેલ છે.

37. વધુમાં, સદર કામે આરોપી નં. 2 નો વધુ જવાબ નોંધતી વખતે તેના ગ્રાહક ની માહિતી મેળવી અને તેઓનો તપાસ ન કામે નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં તેઓ દ્વારા જણાવેલ છે કે તેઓએ આ કામના આરોપી નં. 2 ને એજેન્ટ તરીકે કમિશન ના રૂપિયા આપેલ પણ તેમ છતાંય તા. 29/10/2021 ના રોજ તેઓને ટિકિટ મળેલ નહિ જેથી તેઓ દ્વારા આરોપી નં. 2 ને પૂછતા આરોપી નં. 2 નાઓ

દ્વારા જણાવેલ છે કે આરોપી નં. 1 પકડાઈ જતા ટિકિટ મળેલ નથી. આ હકીકત પૂરક છે કે આરોપી નં. 1 અને આરોપી નં. 2 એકબીજા માટે કામ કરી રહ્યા હતા અને તેઓ દ્વારા ટિકિટ ની કાળા બજારી કરવામાં આવતી હતી. વધુમાં સદર કામે રજૂ આંક 20 વાળી ટિકિટ તે પેસેન્જર ની હોવાથી તે પણ આ હકીકત ને સમર્થન આપે છે.

38. જેથી, ઉપરોક્ત કરેલ ચર્ચા ને ધ્યાને લઇ આ કોર્ટ એ નિષ્કર્ષ ઉપર પોહચેલ છે કે ફરિયાદપક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલ ફરિયાદ નિઃસંદેહ પુરવાર કરે છે કે આરોપીઓએ કાયદેસર અધિકાર વિના રેલ્વે ટિકિટો મેળવવાનો તથા પુરું પાડવાનો વ્યવસાય કરી, કલમ 143, રેલ્વે અધિનિયમ, 1989 હેઠળ ગુનો કર્યો છે.જેથી, સદર કામે આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

## V. આખરી હુકમ :

આ કામના આરોપી નં. 1 ***ધર્મેશકુમાર જયેન્દ્રભાઇ પટેલ, ધંધો:*** ચીફ કમર્શિયલ રિઝર્વેશન ક્લાર્ક, ***રહે:*** મકાન નં. 601/C, ડી કેબિન, રેલવે કોલોની, વડોદરા ને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ 248 ની જોગવાઈ અન્વયે રેલવે એક્ટ 1989 ની કલમ 143 મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે. આથી, તહોમતદારના જામીન તથા જાત-મૂચરકા આથી રદ કરવામાં આવે છે. સદર કામ તહોમતદારને સજાના મુદ્દા અંગે સાંભળવા માટે કામ મુલતવી રાખવામાં આવે છે. આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

વડોદરા;
તા. 05/03/2026

**(આદિત્ય રાજેશભાઈ ગોર)**
જજ કોડ - GJ01709
જ્યુડીશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ
(રેલવે), વડોદરા.

**-: સજા અંગે સાંભળ્યા :-**

1. આ કામે આજરોજ આરોપીને રેલવે એક્ટ 1989 ની કલમ 143 મુજબના ગુના માટે તકસીરવાર ઠરાવવામાં આવેલ છે અને સજાના મુદે તહોમતદાર ને સાંભળવા મુલત્વી રાખવામાં આવેલ. તહોમતદારો તરફે તેમના વિ.વ.શ્રી એમ.વાય.ફોદા એ રજૂઆત કરેલી છે કે, તહોમતદારો કુટુંબ કબીલા વાળા માણસ છે અને રેલવેમાં નોકરી કરે છે. આ પ્રથમ વખતનો ગુન્હો છે, કોઈ ગુનાહિત માનસ ધરાવતા નથી અને નામદાર કોર્ટ ફરમાવે તે શરતોનું પાલન કરવા અને જામીન આપવા તૈયાર છે તેમ જણાવી પ્રોબેશનનો લાભ આપવા વિનંતી કરેલી છે. જયારે ફરિયાદપક્ષ તરફે પી.પી. શ્રી ઓ.પી. કુમાવત દ્વારા યોગ્ય હુકમ કરી સમાજ વિરૂદ્ધ નો ગુનો હોય કડક સજા કરવા રજૂઆત કરેલી છે.

2. આ તબકકે ક્રિમીનલ જ્યુરિસ્પ્રુડન્સ સિધ્ધાંતને ધ્યાને લેતાં કોઈપણ વ્યકિત જન્મથી ગુન્હેગાર હોતી નથી. આ કામના તહોમતદારો સામે અગાઉ કોઈ ગુના સાબિત થયેલા હોય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલી નથી. આ કામના આરોપી રેલવેના કર્મચારી છે અને તેઓનો કોઈ ગુના અંગે કોઈ પૂર્વ ઈતિહાસ પણ રેકર્ડ ઉપર આવેલ નથી. સદર આરોપી નિયમિત રીતે કોર્ટમાં મુદ્દતે હાજર રહેલા છે. વધુમાં, આરોપી ની વિરૂદ્ધ રેલવે ની ટીકીટ ની કાળા બજારી કર્યા નો ગુનો પુરવાર થયેલ છે. ટ્રાયલ દરમિયાન સદર કામના આરોપી નં. 1 ની વર્તણૂંક સારી હોવાનું કોર્ટે ધ્યાને લીધેલ છે. કોઈપણ સજા કરવાનો ઉદ્દેશ ગુનાખોરી પ્રવૃતિઓ ડામવાનો છે, જો તહોમતદારને સજા કરી જેલમાં મોકલવામાં આવે તો તેઓ અન્ય આરોપીઓ સાથે સંપર્કમાં આવે તેથી તેઓનું માનસ વધુ વિકૃત બને તેમ છે. ઉપરોક્ત સંજોગો ને ધ્યાને લેતા સજા નહિ

કરવાના શુભ હેતુથી તહોમતદારોને સજા કરવાને બદલે પ્રોબેશન ઉપર છોડવાથી ન્યાયનો વિશાળ હેતુ જળવાઈ રહે તેમ છે અને તેમાં જ ન્યાયનું વિશાળ હિત છે તેવું આ કોર્ટનું નમ્રપણે માનવું છે. વધુમાં કેસની હકીકત, સંજોગો, તહોમતદારોની ઉમર, જવાબદારીઓ તથા અન્ય પરિબળો ધ્યાને લીધેલા છે. જે વ્યકિત જીવનમાં પ્રથમ વાર આવા પ્રકારનો ગુનો કરતી હોય ત્યારે તેવા સંજોગોમાં સદર વ્યક્તિને જેલમાં મોકલવાને બદલે સુધરવાની તક આપવી જરૂરી છે. વધુમાં પ્રોબેશન ઓફેન્ડર્સ એકટનો હેતુ તહોમતદારને સુધરવાની એક તક આપવાનો છે. હાલના કેસમાં તહોમતદાર પ્રથમ વાર કોઈ ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવેલા છે તેવા સંજોગોમાં તહોમતદારોને જેલમાં મોકલવાના બદલે સુધરવાની વ્યાજબી, ન્યાયિક અને પુરતી તક મળી રહે અને તહોમતદારનો ગુનો કરવાનું કોઈ ઈરાદા પુર્વકનું કૃત્ય ન હોય ત્યારે સુધરવાના હેતુથી સદરહુ કાયદો બનાવવામાં આવેલો છે તેવા સંજોગોમાં કાયદાનો હેતુ ધ્યાને લેતા તહોમતદારને પ્રોબેશન ઓફેન્ડર્સ એકટની કલમ-૪(૧) હેઠળ પ્રોબેશનનો લાભ આપવાનું યોગ્ય સમજું છું. જેથી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

3. આ કામના તહોમતદાર **ધર્મેશકુમાર જયેન્દ્રભાઇ પટેલ, રહે:** મકાન નં. 601/C, ડી કેબિન, રેલવે કોલોની, વડોદરા નાઓને ફોજદારી કાર્યરીતિ અધિનિયમ,૧૯૭૨ ની કલમ-૨૪૮(૨) હેઠળ રેલ્વે એક્ટ 1989 ની કલમ 143 મુજબની શિક્ષાને પાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવેલ છે. પરંતુ આ તબકકે તહોમતદારોને સજા નહિ કરી ધી પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એકટ 1958 ની કલમ-૪(૧) ની જોગવાઈ મુજબ તહોમતદારોએ રૂ.૨૫,૦૦૦/-(અંકે રૂપિયા પચ્ચીસ હજાર પૂરા) ના સારી ચાલ-ચલગતના તથા તેટલી જ રકમના જાત મુચરકા છ માસની

મુદતના રજૂ કર્યેથી નીચેની શરતોને આધિન તહોમતદારોને પ્રોબેશન ઉપર મુક્ત કરવામાં આવે છે.

**શરતો :-**

(૧) તહોમતદારે સદર પ્રોબેશનના સમય સુધી પોતે જ્યાં રહેતા હોય તેનું સરનામું જાહેર કરવું અને અદાલતની પરવાનગી વગર સરનામું બદલવું નહી.

(૨) તહોમતદારે પ્રોબેશનના સમય દુરમિયાન ફરીથી આવા ગુનામાં સંડોવાવું નહીં તેમજ અન્ય ગુનાહિત કૃત્ય કરવું નહી.

(૩) તહોમતદારને ઉપરોક્ત લખેલ સમયગાળા માટે આરોપી જયાં રહે છે તે જિલ્લાના જિલ્લા ચીફ પ્રોલેશન અધિકારીશ્રી ની દેખરેખમાં રાખવાનો હુકમ કરવામાં આવે છે. જે અંગે જરૂરી વાદી કરવી.

ઉપરોકત શરતો પૈકી કોઈપણ શરતનો તોહમતદાર ભંગ કરે ત્યારે અથવા ચીફ પ્રોબેશન ઓફીસર શ્રી તરફથી પ્રોબેશન વિરુદ્ધનો કોઈ રિપોર્ટ આવ્યે ત્યારે સંબંધીત તહોમતદારને રેલ્વે એક્ટ 1989 ની કલમ 143 મુજબના ગુન્હામાં સજા કરવામાં આવશે અને તે ભોગવવા માટે તહોમતદારે કોર્ટ જયારે ફરમાવશે ત્યારે હાજર રહેવાનું રહેશે.

આ કામ મુદ્દામાલ પાવતીમાં જલ્લાવેલ મુદ્દામાલ મોબાઈલ રેડમી નોટ મોબાઈલ આશરે કિ.રૂ. 8000/- નો અપીલ સમય વીત્યા બાદ તેના મૂળ માલિકને નિયમ અનુસાર મેન્યુઅલ અને કાયદા ની જોગવાઇ ધ્યાને લઇ પરત કરવાનો હુકમ કરવામાં આવેલ છે. વધુમાં, સદર કામે કબજે કરવામાં આવેલ રૂ. 195/- અને રૂ. 200/- નજદ અપીલ સમય વીત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે. વધુમાં, સદર કામે

મુદામાલ રેડમી નોટ - 9 મોબાઈલ, કિંમત આશરે રૂ. 9000/- અંગે થયેલ વચગાળાના હુકમ ને આથી કાયમ રાખવાનો હુકમ કરવામાં આવે છે અને તે સિવાય નો અન્ય મુદામાલ અપીલ સમય વીત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમની એક નકલ તહોમતદારોને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૩૬૩(૧) મુજબ વિના મૂલ્યે આપવી.

આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

વડોદરા;
તા. 05/03/2026

**(આદિત્ય રાજેશભાઈ ગોર)**
જજ કોડ - GJ01709
જ્યુડીશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ
(રેલવે), વડોદરા.